વચનામૃતો દ્વારા શ્રીગોકુલનાથજીએ વૈષ્ણવોને પુષ્ટિમાર્ગના સાચા સ્વરૂપના હાર્દને સમજાવ્યું અને શીખવ્યું છે. આપશ્રીની આ ઉપદેશ પદ્ધતિ વિશે કહેવામાં અત્યુકિત જરાપણ થતી નથી કે, આપશ્રીની પદ્ધતિએ મોટાં મોટાં શાસ્ત્રો કરતાં આપનાં વચનામૃતોએ તેના શ્રવણકર્તાના ચિત્તને ભારે વશ કરી લીધાં હતાં અને વચનામૃતોએ વૈષ્ણવોને ધર્મનું આવશ્યક અને તત્ત્વજ્ઞાનનું સાગમટે તથા વિશેષે કરીને પુષ્ટિમાર્ગનું સર્વજ્ઞાન ઉપલબ્ધ બનાવી દીધું હતું. આ પ્રકારનાં કેટલાંક ઉદાહરણો અમે નીચે દર્શાવ્યા પ્રમાણે ટાંકીએ છીએ:-

(૧) “વહેવાર ભગવદયે કરે તો તે બાધક નથી, જેમ મહાપ્રસાદમાંથી હોય એ જીભને સ્પર્શકરતું નથી પણ વાસણને સ્પર્શ કરે છે।”[૨૦]

(૨) “એક બાત પ્રાનપતિજીએ શ્રીમુખે કહી તો-વૈષ્ણવકોં પાંચ બાત શરીર તૈં ન કરની। ક્રોધ નકરતોં। નિદ્રા તજની આલસ્ય ન કરનો। અવૈષ્ણવ કે હાથ કો ન લેનો, અપને માર્ગ કો હોય તાકે હાથકો લેનો। સ્વામિપનો ન કરનો, કરે તો ભ્રષ્ટ હોય। જૈસે કોઈ ભગવદીય કહે તે સર્વથા કરનો ।”[૨૧]

(૩) “ઉત્તમ ભગવદીયનો સંગ હોય તેના સંગની ચાબૂક લાગતી રહે તો તેને બાધક ન થાયે, નહીં તો તેને અવશ્ય બાધક થાય।”[૨૨]

(૪) “એક બાધક આ છે, હું તો યોગ્ય થઇ ગયે। જાણવા કરવામાં કાંઇ બાકી રહયું નથી, એવો અભિમાન કર્યા કરે। યે દોષ ઘણો જ બાધક છે ।”[૨૩]

(૫) “સેવક ધર્મ અરુ ભકત ધર્મ મધ્યે અંતર બહોત હૈં। સેવક કી પ્રવર્ત ધર્મ કે વિષે હોયે ઔર ભકત કી પ્રવર્ત સ્વરૂપ કે વિષે।”[૨૪]

(૬) “ઈન્દ્રિયોને વશ રાખે મન પવિત્ર અને કોમલ રાખે અને ઉત્તમ નીતિથી ધનનો સંગ્રહ કરે, પણ તે પોત્તાના ઉદર અર્થે નહીં, પણ ભગવાન અને ભગવદીયની પ્રસન્નાતાર્થ ગ્રહણ કરે । મહાપ્રસાદ થોડો લે અને એમ વિચારે કે જો વધારે લઇશ તો આલસ તથા નિદ્રા વધશે અને તેથી શ્રીઠાકુરજીની સેવામાં ઘણો અંતરાય પડશે ।”[૨૫]

(૭) “અબ વૈષ્ણવ વે વનસ્પતય ઈતિ શ્રુતેઃ તાતે કાષ્ઠ વૈષ્ણવ હૈં તાતે એહુ માલા પ્રશસ્ત હૈ। યાને શરણમંત્ર, નિવેદનમંત્ર કે ઉપદેશ પીછે કાષ્ઠ કી માલા દેત હૈ। વૈષ્ણવત્વાત્ ભગવદી સંગ દીયો। વૈષ્ણવ સંગ તે ભકિત કી બુદ્ધિ હોત હૈ।”[૨૬]

(૮) “બલી એક બાર કહયું જે, યશોદાજીયે દામણે બાંધ્યા ત્યારે સ્વામિનીજીને સંતોષ હોતો હવો। ત્યારે જેદેવજી યે કહયું જે બાંધે સંતોષ થાય તો સ્નેહામાંહાં હાણ નહીં ? ત્યારે શ્રીપ્રાણનાથજી એહેનો ભાવ કહયો । જે મુખ્ય ભક્તનકું સંદેહ ઉપનો જે ઇતને દામણ બંધતા નહીં સો હમારી ભુજલતામાંહાં કયોં આવેગેં । યે સંદેહ હતો। પછે વિચાર્યો જે, દાંમણ બંધાયેં હૈ તો હમારી ભૂજલતામેં આવેંગે।

એતદજનિત સંતોષ ભયો ।”[૨૭]

સંદર્ભ નોંધ- ૨૦: શ્રી એન. વી. ગાંધીનો “વચનામૃત-સંગ્રહ” - પ્રસંગ - ૨૭.
સંદર્ભ નોંધ- ૨૧: સરખાવો - વલ્લભીય-સુધા-ભાગ-૨(૧) પૃ. ૨ અને વળી અનુગ્રહ -ભાગ - ૨૨ (૨) પૃ. ૨૩
સંદર્ભ નોંધ- ૨૨ : અનુગ્રહ - ભાગ ૧૧ (૧૨) - પૃ. ૪૮૨
સંદર્ભ નોંધ- ૨૩: એજન - પૃ. ૪૮૩
સંદર્ભ નોંધ- ૨૪: વરવાકયામૃત-ભાગ૪૨ - સંસ્કૃતના પ્રસંગો
સંદર્ભ નોંધ- ૨૫: જુઓ - કલ્લોલ ૧૪ - તરંગ - ૪
સંદર્ભ નોંધ- ૨૬: જુઓ અનુગ્રહ -ભાગ - ૨૦ (પૃ.૭) વરવાકયામૃતમાંથી લીધેલું.
સંદર્ભ નોંધ- ૨૭: જુઓ - શ્રીગોકુલનાથજીનાં વચનામૃત (સી.એમ. વૈદ્યની હસ્તપ્રત) પૃ. ૬૦

આ વચનામૃતોમાં આપણને શ્રીગોકુલનાથજીની પ્રસંગોનું અર્થઘટન કરવાની મૌલિક પદ્ધતિ અને ધર્મનીતિ વિષયક દૃષ્ટિબિંદુ જોવા-જાણવા મળે છે. આ વચનામૃતો તેમજ આપની લખેલી ટીકાઓ દ્વારા શ્રીગોકુલનાથજીનાં એક પરમ અધ્યયનશીલ વિવેચનકાર અને વિશ્લેષણકારના સ્વરૂપને પણ જોવા પામીએ છીએ. કેટલીકવાર, આપશ્રી પરસ્પર વિરોધી લાગતાં વિધાનો કરે છે, પરંતુ પછી તેની સ્પષ્ટતા રસ પડે તેવી રીતે કરે છે. આપશ્રી કહે છે કે, જે ભગવાનને ભજે છે તે તેમને પામતા નથી. પરંતુ જે લોકો ભગવાનને ભજતા નથી તે તેઓને પામે છે.[૨૮] આથી આપશ્રીએ પછીથી આ બાબતમાં સ્પષ્ટતા એવી કરી છે કે જે એ પણ જાણતો નથી કે ભગવાનને પોતે ભજે છે તેને એનું અભિમાન થતું નથી. અને તેથી પછીથી ભગવાનને પામે છે. તેવી જ રીતે, ગીતાના ૧૮ અધ્યાયના શ્લોક ૬૬ "સર્વધર્માન્ પરિત્યજય" નું આપશ્રી શુદ્ધાદ્વૈત સિદ્ધાંતને અનુસરતું મૌલિક અર્થઘટન આપશ્રી કરે છે. આપશ્રી કહે છે કે, ભગવાનના (ઐશ્વર્યાદિ) છ ગુણો છે અને ભકત એ છ ગુણોની દરકાર કર્યા વિના ભગવાન (ધર્મી) નો આશ્રય માત્ર પ્રેમ-ભાવથી ગ્રહણ કરે તો તેનો ભગવાન સ્વીકાર કરે છે - શરણે લે છે[૨૯] તેવી જ રીતે, આપશ્રી સ્પષ્ટતા કરતાં આજ્ઞા કરે છે કે, શા માટે ભગવાનની સેવા માતૃસ્નેહ વડે બાલભાવે કરવી જોઇએ ? તો આપશ્રી કહે છે કે, બાળક રત્નોથી નહિ રીઝે, પરંતુ લોખંડની સાંકળના ખણખણાટ જેવી સામાન્ય વસ્તુથી બાળકને રીઝવી શકાય છે - રીઝે છે. જે રીતે બાળકના કિસ્સામાં જગતના કાયદા લાગુ પડતા નથી, તેવું જ ભગવાનના કિસ્સામાં છે[૩૦].

(૪) વચનામૃત - સાહિત્યનું મૂલ્યાંકન

ઉપર કહયાં મુજબ, વચનામૃત -સાહિત્ય શ્રીગોકુલનાથજીની ગ્રંથ-રચનાઓનો ગણનાપાત્ર હિસ્સો છે. આપશ્રીને તેના દ્વારા ધાર્મિક ઉપદેશક તરીકેનો પરમ યશ પ્રાપ્ત થયો છે. માલા-પ્રસંગની જેમ, વચનામૃતોએ પણ આપશ્રીને પુષ્ટિમાર્ગીમાં લોકપ્રિય બનાવ્યા છે. આપશ્રીને આપશ્રી લિખિત સર્વોત્તમસ્તોત્ર પરની બડી ટીકાની જેમ જ વચનામૃત-સાહિત્યમાં આપણે પુષ્ટિમાર્ગના પ્રખર પુરસ્કર્તા અને પ્રમેયમાર્ગના પ્રવકતા તરીકે જોઇએ છીએ. પુષ્ટિમાર્ગીની આચાર-સંહિતાના કેટલાક વિષયોની બાબતમાં આપશ્રીએ ઘણાંબધાં વચનામૃતો કહયાં છે, પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોનો ઉપદેશ હાસ્યસભર વાણીમાં કર્યો હતો. અને વૈષ્ણવો કે જેમને આપશ્રી ભારે સન્માન આપતા અને કેટલીક વાર તો ગુસાંઈજી તુલ્ય ગણતા હતા કારણકે તેમના પૂછેલા પ્રશ્નો-શંકાઓના પણ ઉત્તરો આપીને સમાધાન આપશ્રીએ કર્યાં હતાં[૩૧].

સંદર્ભ નોંધ - ૨૮: સરખાવો - જે ભગવદ્ભજન નયી કરતા, તેને ભગવત્પ્રાપ્તિ થશે જે ભગવદ્ભજન કરે છે, તેને નહીં થાય" . . . . . જે ભજન કરીને પણ અભિમાન કરતો નથી, તે માટે તેને ભગવત્પ્રાપ્તિ થશે. . . . . ।
અનુગ્રહ - ગ્રંથ ૧૧ (૧૨) - પૃ. ૪૮૨

સંદર્ભ નોંધ- ૨૯: સરખાવો - ". . . . . . . પુરુષોત્તમ છ ગુણ હૈ . . . . . એ છ ભી અતિરિકત હૈ એહને ત્યાગ કરીને શરણ આયે સ્નેહે કરી એ ધરમીને જ જાણો બીજે એકો પ્રકારે વાણી મેં નહીં અનુસરે એક સનેહે જ કરી અનુસરે ।" - કાંકરોલી હસ્તપ્રત - હિંદી વિભાગ ક્રમાંક : ૧૪૧/૩ (વિ.સં. : ૧૬૯૩) પૃ. ૩૩.

સંદર્ભ નોંધ- ૩૦: સરખાવો - "શ્રીઠાકુરજી કોં બાલકજીકી ઉપમા દેત હૈ, તા કો કહા ભાવ ? જો બાલક તો સોના કે મણિમણિક કે ખિલૌના તૈ ન રીઝે। ઔર કિવાંડ કી સાંકલ ખટખટાયે તૈ રીઝે । યાસોં નિયામક કહયો નહીં ।" - વલ્લભીય-સુધા - ગ્રંથ-૧-૩, પૃ. ૩.

સંદર્ભ નોંધ - ૩૧: એક વચનામૃતમાં પ્રસંગ કહયો છે કે, શ્રીગોકુલનાથજીના બીજા પુત્ર શ્રીવિઠ્ઠલરાયજી વૈષ્ણવોને પાછળ મૂકીને વહેલા આગ્રાથી પરત પધાર્યા હતા. આથી ત્યારે શ્રીગોકુલનાથજીએ કહયું, "જો આપ વૈષ્ણવોને પાછળ છોડીને આવ્યા, તો પછી સાથે શું લાવ્યા ?"

આવાં વચનામૃતો કહેવાની આપશ્રીનો નિત્ય-નિયમ એ દર્શાવે છે કે, આપશ્રી સેવાના અનોવસરમાં કે નિજના વિશ્રાંતિના સમયમાં વચનામૃતો દ્વારા વૈષ્ણવો સાથે આત્મીય સંબંધ કેવી રીતે રાખતા અને જે તે સમયનો વૈષ્ણવોના સત્સંગમાં રહી સદુપયોગ કરતા હતા. આ હકીકતને કારણે ઘણા બધા પુરુષો અને સ્ત્રીઓના આકર્ષણનું કેન્દ્ર આપશ્રી બનવા પામ્યા હતા. કાકા વલ્લભજીના કહેલા પ્રસંગાનુસાર એક વખત એક પુત્રે શ્રી ગોકુલનાથજીનાં વચનામૃત સાંભળી એવું પોતાના પિતાને કહયું હતું કે, શ્રીગોકુલનાથજીનાં વચનામૃતો બાર હજાર ભાગવત સમાન છે.[૩૨] વચનામૃતો વૈષ્ણવોના ઘણા મોટા સમુદાયને તેમની ભકિત-ભાવનાને ઉત્કટ અને તલસ્પર્શી બનાવવામાં અને પુષ્ટિમાર્ગના હાર્દને સમજવામાં ભારે સહાયક બન્યાં છે. વૈષ્ણવ જો માત્ર વચનામૃત વાંચે તો પણ તેને ધર્મ અને નીતિશાસ્ત્રનું જ્ઞાન સર્વથા આપોઆપ પ્રાપ્ત થઇ જશે. અલબત્ત અહીં એ કહેવું જોઇએ કે, શ્રીગોકુલનાથજીએ તો શાસ્ત્રો અને શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજી કૃત ગ્રંથોને વૈષ્ણવોએ અવશ્ય વાંચવા એવી આજ્ઞા કરી છે.

કેટલાક વચનામૃતો ઐતિહાસિક દષ્ટિએ મહત્ત્વનાં છે જે શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના જીવન-પ્રસંગો વિશે કહેતા હોય છે. ઉદાહરણ લેખે, એક વચનામૃતમાં કહયું છે કે, "કનકાભિષેક" નો વિધિ શ્રીમદ્ વલ્લભાચાર્યનું વય ૧૧ નું હતું ત્યારે થયો હતો જે રાજા કૃષ્ણદેવના રાજદરબારમાં થયો હતો. પરંતુ બીજું એક વચનામૃત કહે છે કે, ઉકત પ્રસંગે જયારે શ્રીમદ્ વલ્લભાચાર્યે ભારત વર્ષની બીજી પરિક્રમા કરી તે વખતે થયો હતો. આનો અર્થ એ થાય કે આ પ્રસંગ શ્રીમદ્ વલ્લભાચાર્ય ૧૧ વર્ષના હતા ત્યારે નહિ પણ ૨૦ કરતાં વધારે વયના હતા ત્યારે બન્યો હતો.[૩૩]

શ્રી એમ. સી. પારેખે વચનામૃતોનું મૂલ્યાંકન નીચે દર્શાવ્યા પ્રમાણે કર્યું છે :

કદાચ સાંપ્રદાયિક સાહિત્યમાંનું સૌથી મહત્ત્વનું પ્રદાન જો કોઇ હોય તો તે આપશ્રીનાં વચનામૃતોનું છે. આથી એમ કહેવું પર્યાપ્ત થશે કે, ધાર્મિક સાહિત્યનું પરમ રસદાયક અને ઉપદેશાત્મક વાંચનરૂપ તે છે. જો કે સ્વરૂપે આધ્યાત્મિક હોવા છતાં વચનામૃતોમાં બધા જ પ્રકારના વિષયો આવરી લેવાયેલા જોવા મળે છે, અને વલ્લભ સંપ્રદાયની હવેલીઓમાં પ્રવર્તતી માન્યતા અને સેવા-પૂજાની વિધિઓ પર સારો એવો પ્રકાશ ફેંકે છે. શ્રીગોકુલનાથજીના પક્ષે આપશ્રીની મૌલિક દષ્ટિએ વસ્તુઓને જોવાની અને લાક્ષણિક રીતે કહેવાની વચનામૃતોમાં અછતી થતી નજરે પડે છે. આપશ્રી કહેવતો અને દષ્ટાંતોનો મુકતપણે ઉપયોગ કરે છે જે સાંપ્રદાયિક જ્ઞાનોપદેશ પરત્વેનું એક નવતર લક્ષણરૂપ વર્તાય છે. તદુપરાંત, આપશ્રી ઉત્તમ હાસ્યરસના પ્રવર્તક પુરુષ છે જે વચનામૃતોમાં અત્ર-તત્ર-સર્વત્ર નિષ્પન્ન થતું જોવા મળે છે.[૩૪]

શુદ્ધાદ્વૈત સાહિત્યના વિદ્યાર્થીની દષ્ટિએ આનાથી વિશેષ કંઇ કહેવાનું રહેતું નથી, સિવાય કે આ વિધાનમાં - મૂલ્યાંકનમાં જે કહેવાયું છે તેમાં કોઇ જ અત્યુકિત વર્તાતી નથી, પણ એ જ શ્રીગોકુલનાથજીના વચનામૃતનું સર્વથા સાચું મૂલ્યાંકન છે.

સંદર્ભ નોંધ - ૩૨: સરખાવો - "બાબા તુમ કહો તો સહી પેં એક શ્રીવલ્લભજી કો બાતમેં ઐસે બારહ હજાર ભાગવત વહે જાત હૈ ।" - કાકા વલ્લભજીનું વચનામૃત (સંપાદક : ડી.સી. દેસાઇ પૃ. ૧)"

સંદર્ભ નોંધ - ૩૩: જુઓ વસંતરામ શાસ્ત્રી કૃત "પુષ્ટિમાર્ગનો ઇતિહાસ" વળી જુઓ - શુદ્ધાદ્વૈત અને ભકિત માર્તંડ-ગ્રંથ ૧ ક્રમાંક ૧ થી ૫

સંદર્ભ નોંધ -૩૪: એમ. સી. પારેખ કૃત શ્રીમદ્ વલ્લભાચાર્ય ચરિત્ર- પૃ. ૩૦૬ (સંપાદન - ૧૯૪૩)

પ્રકરણ - ૩ (ઈ)

પત્રો, પદો અને પ્રકીર્ણ રચનાઓ

(૧) શ્રીગોકુલનાથજીના પત્રો :-

શ્રીગોકુલનાથજીના જીવનકાળ દરમિયાન જ આપશ્રીના ગણનાપાત્ર એવા અનુયાયીનો વિશાળ સમુદાય હતો. આથી આપશ્રીને અનુયાયીઓના લખેલા પત્રો આવતા અને ધાર્મિક પ્રશ્નોમાં આપશ્રીનું માર્ગદર્શન માંગતા તથા પ્રેરણા - પ્રોત્સાહન તેમાં માંગવામાં આવતું. શ્રીગોકુલનાથજી આવા પત્રોના ઉત્તરો સ્વયં આપતા અને શિષ્યોમાં રહેલી ધાર્મિક ભાવના અને દૃઢતા ઉત્કૃષ્ટ બની રહે એ માટે સદૈવ પ્રેરણા આપતા. ગોપાલદાસ વ્યારાવાળા અને કલ્યાણ ભટ્ટની કેટલીક રચનાઓમાં અને વચનામૃતોમાં આવા કેટલાક આપશ્રીના લખેલા પત્રોના ઉલ્લેખો જોવા મળે છે. ભરૂચના મોહનભાઈ ઘણું ખરું આગ્રામાં જ રહેતા અને આપશ્રીના ગાઢ સંપર્કમાં હતા તથા શ્રીગોકુલનાથજી અને મોહનભાઈ વચ્ચેના પત્રોનો વ્યવહાર વિશિષ્ટ પ્રકારનો હતો. પરંતુ કમનસીબે આ પત્રવ્યવહારમાંથી થોડાક જ પત્રો આજે ઉપલબ્ધ છે. એ શકય છે કે, શ્રીગોકુલનાથજીના સ્વહસ્તાક્ષરમાં લખાયેલા પત્રો કેટલાક ભરૂચી વૈષ્ણવો જે આપશ્રીના પરમ ભકતો તરીકે જાણીતા છે તેમની પાસે હોય, પરંતુ બીજાને તેઓ તે દેખાડતા નથી, કારણ કે ભરૂચી ભકતો આપશ્રીના આ પત્રોને "સ્વરૂપાત્મક" દૃષ્ટિથી જુએ છે એ પત્રો તરફ એ પ્રકારનો ભાવ ધરાવે છે. અલબત, શ્રીગોકુલનાથજી વિષેના મારા સંશોધનકાર્ય દરમિયાન મને નીચે દર્શાવેલા પત્રો જોવા મળ્યા હતા :-

(૧) ગોપાલદાસ વ્યારાવાળા કૃત ગોકુલેશપુર નામની લખેલી રચનામાંનો એક[1] પત્ર ટાંકેલો છે. એક વખત બન્યું એવું કે, બાલકૃષ્ણજીના પ્રપૌત્ર યદુપતિ ભાલેસા પધાર્યા હતા. આપશ્રીએ ત્યાંના વૈષ્ણવોને પ્રશ્ન પૂછયો કે, શા માટે તેઓ એક પત્રને જોઇ-દર્શન કરીને પુષ્ટિમાર્ગની દીક્ષા ગ્રહણ કરે છે ? આથી , તેઓએ શ્રીગોકુલનાથજીને આ પ્રસંગ લખીને વિનંતી કરી કે, આ પ્રશ્નનું સમાધાન આપશ્રી કરો. ઉત્તર આપતાં શ્રીગોકુલનાથજીએ નીચે દર્શાવેલો પત્ર લખ્યો હતો :-

સ્વસ્તિ શ્રીવલ્લભાનાં ભટ્ટ કલ્યાણઈન્દ્રભાણદેવદાસદયાલદાસ શ્યામદાસસિંઘજી નાદરમલ્લ જયરામ પરમેશ્વરદાસ મોહનદાસ હીરામણિ પ્રભુતિષ્વાશિષઃ। શમિત્ ભાવત્કમાશાસ્ય હૈ। અપરં ચ। સદા શ્રી ગોવર્ધનેશઃ સ્મર્તવ્યંઃ। કિંચ શ્રીમદાચાર્યસંબંધિભ્ય, સાક્ષાન્નામગ્રહણેન પત્રદ્વારા સ્વપ્નદ્વારા વા સેવકદ્વારા નામગ્રહણેન માર્ગસંબન્ધાદવશ્યં ભગવદંગીકારો ભવત્યેવ નાત્ર સંદેહ। અત એવોકતં દશમે "સ્વયં સમુતીર્થ સુદુસ્તર ધુમન ભવાર્ણવં ભીમમદભ્રસૌહૃદાઃ। ભવત્પદાંભોરુહનાવમત્ર તે નિધાય યાતાઃ સદનુગ્રહો ભવાન્" ઈતિ અત્ર ભગવત્યદાંભોજસ્ય ભકિતમાર્ગત્યેન તદ્રુપસ્થ સંપ્રદાયપ્રવર્તનમેવ તન્નિથાનમ્। તત્પ્રવર્તિત - સંપ્રદાયે પ્રવૃત્તાનાં તાદૃશે સાધનાભાવેડપી સાક્ષાદ્દનુગ્રહૈતેષુ પક્ષપાતેન તત્સંબંધિષુ અનુગ્રહો કરોષીત્યભિપ્રામેણોકતં સદનૂગ્રહ ઈતિ। સત્સ્યનુગ્રહો યસ્યત્યર્થઃ। અસ્મિન્નઅર્થે પ્રામાણાર્થં ભગવત્સંપતિરેવ દર્શિતા ભવાનિત્યનેન તત્સંપ્રદાયસ્થાણાં તરણાવસ્યં ભાવાય નૌત્વનિરૂપણમ્। તેનાનાયાસેન ભવાબ્ધિ - તરણમ્ સૂચિતમ્। બાહુભ્યાં તરણે હ્યાયાસૌ નાવાતરણે ન તયેત્યેતત્સર્વં વિવરણે પિતૃચરણૈ - વિવૃત્તમિતિ નાત્ર લિખ્યતે। ભગવત્ભજને પરેમિયં વ્યવસ્થા। તદર્થ : સૂયોજિન્યાં વિવૃત :। તેન તેષાં પત્રદ્વારા નામગ્રહણે સંદેહસ્તે તથા બોધનીયાઃ

---

[1] **સંદર્ભ નોંધ-૧ :** આ પત્ર પુષ્ટિસુધા સામાયકમાં (ગ્રંથભાગ ક્રમાંક ૮-૯ના પૃ. ૩૭) અને શ્રી ઉત્સવલાલ પરીખ જે કપડવંજના હતા તેમના દ્વારા પ્રકાશિત રચના નામે "ભરૂચી નિમાડીઆ કલહ" (પૃ.૧૮૦) માં તેમજ અનુગ્રહના ગ્રંથભાગ-૧૩માં ક્રમાંક ૧૧-૧૨ માં પણ પ્રસિદ્ધ થયેલ છે. પત્ર ખૂબ જ મહત્ત્વનો છે અને તેથી આખેઆખો પ્રસિદ્ધ કર્યો છે.

મયા યેષાં સંદેહ ઉત્થિતઃ । તદનંતરં તદ્વૃતાન્તો લેખનીય : । કિમધિકં માર્ગસ્વરૂપવિત્સુ ।"

આ પત્ર એક મહત્ત્વનો પ્રશ્ન ઉપસ્થિત કરે છે એટલે કે, પુષ્ટિમાર્ગમાં પ્રવેશ-દીક્ષા આપવા માટે કોણ અધિકારી છે ? પુષ્ટિમાર્ગમાં પ્રવેશ-દીક્ષા આપવાનો વિધિ એટલે કે બ્રહ્મસંબંધનો વિધિ મૂલતઃ શ્રીમદ્ વલ્લભાચાર્ય દ્વારા અને ત્યારબાદ આપશ્રીના બે પુત્રો દ્વારા કરાતો હતો. શ્રીગોકુલનાથજીના પૂર્વેના કાળમાં ગોસ્વામીઓ સિવાયના અન્ય કોઇએ બ્રહ્મસંબંધ વિધિ કરાવ્યાનુ એકપણ ઉદાહરણ અત્યાર સુધીમાં પ્રાપ્ત થયું નથી. કાકા હરિવંશજી એટલે કે કાકાજી[2] કૃત ૨૫૨ વાર્તા એવી જાણકારી આપે છે કે, તેઓ લોકોને નામ-મંત્ર ગ્રહણનો વિધિ કરાવતા એટલે કે નામ-મંત્ર આપતા હતા અને પુષ્ટિમાર્ગમાં લોકોને શરણે લેતા હતા, પરંતુ તેઓ નામ-નિવેદન એટલે બ્રહ્મસંબંધનો મંત્ર-વિધિ કરાવતા નહોતા. આથી યદુપતિ દ્વારા વૈષ્ણવો દ્વારા પુષ્ટિમાર્ગની દીક્ષા માત્ર પત્રનું દર્શન કરીને આપવામાં આવતી હતી તેના વિશે ઉપસ્થિત કરેલો પ્રશ્ન સર્વથા સાહજિક હતો. ઉપરોક્ત પત્ર દ્વારા શ્રીગોકુલનાથજી "નામ-ગ્રહણ" ને માન્યતા પ્રદાન કરે છે પણ નિવેદન મંત્ર વિશે કંઇ જ કહેતા નથી. "નામગ્રહણ" ની રીતો આ પ્રમાણે છે :

(૧) શ્રી આચાર્યજીના (સંબંધિષ્ય) એટલે વંશજ દ્વારા
(૨) પત્રનાં દર્શન દ્વારા (અલબત, કોઇ ગોસ્વામીના લખેલ)
(૩) સ્વપ્ન - દ્વારા (જેમાં અલૌકિક આજ્ઞાનો અનુભવ થયેલ હોય)
(૪) શિષ્ય દ્વારા (કોઇ ગોસ્વામીના)

આ ચોથી રીત કહી છે તેમાં શ્રીગોકુલનાથજીએ કંઇ નવું કહયું નથી, કારણ કે તે વિધિ કાકાજી પોતે કરાવતા જ હતા. બીજી અને ત્રીજી જે રીતો ઉપર દર્શાવી છે તે નવી સૂચવેલી છે.[3] આ બાબતમાં નીચે લખેલા મુદ્દાઓ ધ્યાને લેવા જેવા છે :-

(૧) મધ્યયુગમાં, લાંબી યાત્રા-મુસાફરી કરવી મુશ્કેલ હતી અને થોડાક ગોસ્વામીઓ જ આવા યાત્રા-પ્રવાસ ત્યારે કરતા હતા. આ સંજોગોમાં દૂર અંતરાલ પ્રદેશમાં વસતા લોકોને પુષ્ટિમાર્ગની પ્રવેશ-દીક્ષા આપવા જવું તેમના માટે અશકય હતું અને પરિણામે પુષ્ટિમાર્ગમાં બહુ જ થોડા લોકોએ પ્રવેશ કર્યો હતો. આથી શ્રીગોકુલનાથજીએ લોકોને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ આપવાનો વિધિ કરવાનો અધિકાર શિષ્યોને આપ્યો અને જયાં આવા શિષ્યો રહેતા ન હોય તેવા પ્રદેશમાં પત્રો લખી તેનાં દર્શન કરીને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ આપી શકાય એવી વ્યવસ્થા ગોઠવી. આમ શ્રીગોકુલનાથજીએ પુષ્ટિમાર્ગના પ્રસાર માટેનો એક વ્યવહારુ માર્ગ નિશ્ચિત કરી બતાવ્યો.

(૨) બીજું નામ-ગ્રહણ વિધિની બાબતમાં શ્રીગોકુલનાથજીએ એક ગોસ્વામી અને એક વૈષ્ણવને સમાન-કક્ષામાં મૂકયા.

અત્રે અહીં નોંધવું જોઇએ કે, આજેપણ પુષ્ટિમાર્ગીય મંદિર-હવેલીમાં નામ-ગ્રહણ વિધિ મુખીઆજી દ્વારા કરાવાય છે અને વળી કેટલાક સ્થળોએ કેટલાક વૈષ્ણવો કે જેને ગોસ્વામીઓએ નિર્દિષ્ટ કર્યા હોય તે દ્વારા તે કરાય છે.

(૩) ત્રીજું, આ સિદ્ધાંતને સમર્થન આપવા માટે આપશ્રી શ્રીમદ્ ભાગવતમાંથી પ્રમાણને ટાંકે છે. એમ લાગે છે

સંદર્ભ નોંધ - ૨ : વળી જુઓ - નિજવાર્તા પ્રસંગ ૨૮ (સંપાદિત એલ.સી.દેસાઇ) જેમાં કહયું છે કે, શેઠ પુરુષોત્તમને પણ "નામ-વિધિ" કરવાનો અધિકાર આપવામાં આવ્યો હતો.

સંદર્ભ નોંધ - ૩ : શ્રીવિઠ્ઠલનાથજી દ્વારા લખાયેલ પત્રમાં હરિદાસની વાર્તામાં "નિવેદન"નો ઉલ્લેખ કરાયો છે તે નોંધપાત્ર છે. જુઓ-એચ. ટંડન સંપાદિત વાર્તા-સાહિત્ય-પૃ. ૫૮૯.

કે, આપશ્રી ભાગવતને પરંપરાઓ અને પ્રસ્થાનત્રયી કરતાં પણ વિશેષ મહત્ત્વ આપે છે. આપશ્રી માત્ર પરંપરાને ચુસ્તપણે વળગી રહેતા નથી, પરંતુ વિધિના હેતુ અને સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતને એટલે કે પ્રપત્તિ અર્થાત્ સંપૂર્ણ સમર્પણભાવના ઉપર વધારે ભાર મૂકે છે. આ બાબતમાં હું માનું છું કે, આપશ્રી શ્રીમદ્ વલ્લભાચાર્યને જ બહુધા અનુસરે છે - જેમણે આજ્ઞા કરી હતી કે, "કૃષ્ણસેવાપરં વીક્ષ્ય" . . . .અને "જિજ્ઞાસુરાદરાત્ અને સ્વયં-મૂર્તિ કૃત્વા હરિં ભજેત।"[૪] શ્રીગોકુલનાથજી પરંપરા અને પ્રથાઓના પાલન કરવા પરત્વે ઉદાર વલણ ધરાવતા હતા.

(૪) ચોથું, ઉકત પત્રમાં નિવેદનનો ઉલ્લેખ આપશ્રીએ કર્યો નથી, પણ "નામ-ગ્રહણ" એ શબ્દનો વિનિયોગ આપશ્રી કરે છે. હવે પુષ્ટિમાર્ગમાં "નામ" અને "નિવેદન" એ બન્ને જુદા જુદા વિધિઓ છે. એમ લાગે છે કે, શ્રીગોકુલનાથજીના કેટલાક અનુયાયી "નિવેદન" વિધિ કરાવતા હશે અને તેથી યદુપતિએ "નિવેદન" વિધિનો પ્રશ્ન ઉપસ્થિત કર્યો હશે. આજે પણ, ભરુચી વૈષ્ણવો કોઇ ગોસ્વામી પાસે "નિવેદન" વિધિ કરાવતા નથી, પરંતુ અન્ય ભરુચી વૈષ્ણવ પાસે જઇ અને શ્રીગોકુલનાથજીની પાદુકા સમક્ષ ગદ્ય-મંત્ર અને/અથવા ગોપાલદાસે ઉકત મંત્રનો ગુજરાતી ભાષામાં કરેલા ભાષાંતર-ભાવાર્થનું વાંચન કરીને તે વિધિ કરતા/કરાવતા હોય છે આમ કરવું કેટલા અંશે માન્યતા-પ્રાપ્ત છે પુષ્ટિમાર્ગાનુસાર તે મુદ્દો પ્રમાણયુકત વાદ-વિવાદ દ્વારા નિર્ણીત થાય તે આવશ્યક છે.

ઉકત પત્રની લખ્યા મિતિ-સાલ મેળવવાનું શકય નથી, કારણ કે યદુપતિની ભાલેસાની યાત્રા-પ્રવાસની મિતિ-સાલ જાણવા મળતી નથી. અલબત, એટલુ કહી શકાય કે, યદુપતિનો જન્મ વિ.સં. ૧૬૬૩ માં થયો હતો એટલે ઉકત પત્ર તે મિતિ-સાલ પછીનો કોઇ દિવસ હોવો જોઇએ.

(૨) તામ્રપત્રમાંનું લખાણ અનુગ્રહમાં[૫] આ પ્રમાણે જોવા મળે છે.

"શ્રીનાથજી સહાયઃ" શ્રી કૃષ્ણઃ

શ્રીગોકુલનાથો જયતિ (તિ) સ્વહસ્તાક્ષર શ્રીગોકુલનાથજી

સ્વસ્તિ શ્રી ગોસ્વામિ શ્રીગોકુલનાથજી વચનાત્. . . . . . નિજ સેવક જાદોજી વ્યાસ બ્રાહ્મણ દીક્ષા બાલકો નામ સુનાયવેકી આગ્યા દિનો, વારાણસી પ્રવૃત્તિ (પ્રભૃતિ) કે વૈષ્ણવ કો નામ સુનાયે ઠાકુરજી કો સેવા ઔર પાદુકાજી ઇનકે માથે પધરાયે ॥ શ્રી ॥

શ્રી સંવત ૧૬૬૨ મિતિ માર્ગશીર્ષ કૃષ્ણા ૧૧ સૌમ્ય વાસરે શ્રી ॥

ઉપરોકત ભાલેસાના વૈષ્ણવોને લખેલા શ્રીગોકુલનાથજીના પત્રોમાંની આજ્ઞાને આ તામ્રપત્રનું લખાણ સમર્થન આપે છે. આ પ્રમાણે શ્રીગોકુલનાથજીએ ભારતના દૂરસુદૂર પ્રાંતમાં વસતા લોકોને "નામ-મંત્ર" આપવાનો અધિકાર વૈષ્ણવોને આપ્યો હતો.

(૩-૪) શ્રીગોકુલનાથજીના લખેલા બે પત્રો[૬] છે - તેમાંનો એક પત્ર રતનબાઇ[૭] ઉર્ફે બહેનગિરિજાને લખેલો છે અને બીજો તેની મિત્રને લખેલો છે. તે બન્ને શ્રીગોકુલનાથજીના પરમ ભકત હતા. કહેવાય છે કે, રતનબાઇને સ્વપ્રમાં કેટલાક ભગવદનુભવો થયા હતા. તે શ્રીગોકુલનાથજીને પોતાના સંરક્ષક ગણતી અને આપશ્રીને પત્રો

સંદર્ભ નોંધ- ૪ : તત્ત્વદીપનિર્ણય - ૨ શ્લોક ૨૨૭ અને ૨૨૮

સંદર્ભ નોંધ- ૫ : શ્રી જટાશંકર શાસ્ત્રીએ નોંધ્યું છે કે, કાશીના ગોકુલદાસના ઘર-મંદિરમાં આજે આ તામ્રપત્ર ઉપલબ્ધ છે. - ભાગ-૪ ક્રમાંક-૧૦- પૃ-૩૧૪

સંદર્ભ નોંધ- ૬ : આ પત્રો અનુગ્રહ ભાગ ૧૧ (૧૯૬૦ની આવૃત્તિ)માં ક્રમાંક ૧૧ ખાતે છપાયેલા છે.

સંદર્ભ નોંધ- ૭ : જુઓ - અનુગ્રહ - ભાગ ૨૧ - ક્રમાંક - ૨ - પૃ. ૧ થી ૨૪ તેણીની જીવનકથાની વિગત માટે.

લખતી હતી. ઉકત પત્રોના ઉત્તર આપતા ઉપરોકત પત્રો આપશ્રીએ લખ્યા હતા. આ પત્રો દ્વારા શ્રીગોકુલનાથજીએ તેને બન્નેને બધી ચિંતા ત્યજીને મુકત રહેવા અને ભગવાનમાં ભરોસો[૮] રાખવા આજ્ઞા કરી હતી. તેમના જીવનની દુ:ખદ પરિસ્થિતિમાં આપશ્રીએ તેમને સાંત્વના આ પત્રો દ્વારા આપી હતી.

(૫) એક પત્ર શ્રીગોકુલનાથજી લિખિત હોઇ અનુગ્રહ સામયિકમાં પ્રકાશિત થયો છે[૯] તેની હસ્તપ્રત અમદાવાદના મદનમોહનજી મંદિરમાં જાળવીને રાખવામાં આવી છે. તે પત્ર મુરારિ બલદેવ અને અન્ય વૈષ્ણવોને સંબોધી લખાયેલ છે. પત્ર પર લખ્યાની મિતિ-સાલ લખેલાં જોવા મળતાં નથી, પણ શ્રી કે. કો શાસ્ત્રીના તારણ અનુસાર ૧૬૫૦ અને ૧૬૯૦ વિક્રમ સંવતમાં તે લખેલ હશે. પત્રમાં વૈષ્ણવોને આજ્ઞા કરવામાં આવી છે કે, તેમણે અષ્ટાક્ષર મંત્રનો સતત જપ કરવો અને ભગવાનમાં દૃઢ ભરોસો રાખવો તથા ચિંતાઓ ત્યજી દેવી.

(૬) હરિહરનાથ ટંડન સંપાદિત વાર્તા-સાહિત્યમાં શ્રીગોકુલનાથજી લિખિત એક પત્ર[૧૦] છાપવામાં આવ્યો છે. તે કોઇ પોહરકરદાસ નામના વૈષ્ણવને સંબોધીને લખાયેલો છે, પરંતુ તેમાં કોઇ નોંધપાત્ર વસ્તુ લખેલી જોવા મળતી નથી. લેખકે તેમાં કોઇ વ્યકિતને લગ્ન પ્રસંગમાં મદદ કરવી અને સામાજિક ફરજ પૂર્ણ કરવામાં સહાયક થવા લખ્યું છે. પત્ર લખ્યાની મિતિ કે વર્ષ જોવા મળતાં નથી. સંભવ છે કે, આ પત્ર શ્રીગોકુલનાથજીના સ્વહસ્તાક્ષરોમાં લખાયેલો ન હોય પરંતુ કોઇ લહિયાના હસ્તાક્ષરોમાં લખાયેલો હોય, કારણ કે શ્રીગોકુલનાથજી સાધારણ રીતે નિજને માટે ગોકુલેશ એવો ઉલ્લેખ કરતા નહોતા.

(૨) શ્રીગોકુલનાથજીનાં પદો અને દોહા

શ્રીગિરિધરજી (૧૮૫૪-૧૯૩૩ વિ.સં.) કહે છે કે, શ્રીગોકુલનાથજીએ કેટલાંક કીર્તનો રચ્યાં હતાં અને નિજનો નામોલ્લેખ તેમાં આપશ્રીએ "વલ્લભ" એવો કર્યો હતો.[૧૧] શ્રી દ્વારકાદાસ પરીખે પુષ્ટિમાર્ગીય વ્રજભાષાના કવિઓની યાદી તૈયાર કરી હતી અને તેમાં તેમણે લખ્યું છે કે, શ્રીગોકુલનાથજીએ કેટલાંક પદો અને દોહા રચ્યાં હતાં.[૧૨]

મિશ્રા બંધુ વિનોદ પણ લખે છે કે, શ્રીગોકુલનાથજી એક કવિ હતા.[૧૩] પદો વગેરેનો એક સંગ્રહ શ્રીવલ્લભવંશ પદ્ય વચનામૃત" (ભાગ-૧) એ નામનો પણ છે જેના પદ્ય અને દોહા શ્રીગોકુલનાથજી રચિત છે.[૧૪]

સંદર્ભ નોંધ - ૮ : સરખાવો - "અબ તુમ કહા બાત કી ચિંતા મતિ કરો । ઠાકુર સબ વિચારી હે । તાતેં સબ ભલી હોએગી ।" - એજન - પૃ. ૧૫

સંદર્ભ નોંધ - ૯ : અનુગ્રહ ભાગ ૨૩ ક્રમાંક ૩ (માર્ચ ૧૯૬૩)

સંદર્ભ નોંધ - ૧૦ : જુઓ આર્ટ - પ્લેટ પૃ. ૬૩૮ અને ૬૩૯ વચ્ચેનું જેની નીચે એવું લખાણ છે કે, હસ્તાક્ષરોની હસ્તપ્રત શ્રી વસંતરામ શાસ્ત્રી પાસેથી મેળવવામાં આવી હમ્તી.

સંદર્ભ નોંધ - ૧૧ : સરખાવો - "ઔર શ્રીગોકુલનાથજીને કીર્તન કિયે હે તામેં વલ્લભ કી છાપ ધરી હૈ ।"
- શ્રીગિરિધરલાલજી મહારાજ કે ૧૨૦ વચનામૃત - પૃ. ૫૯

સંદર્ભ નોંધ - ૧૨ : જુઓ - વલ્લભીય સુધા - ગ્રંથભાગ ૬-૨ પૃ. ૨૨, પુષ્ટિમાર્ગીય વ્રજભાષા કે કવિયોં કી ગ્રંથસૂચિ (દ્વારકાદાસ પરીખ) અને વળી જુઓ - ગ્રંથભાગ - ૧૧-૪ પૃ. ૧૬. વ્રજભાષા કે પુષ્ટિમાર્ગીય ભકત કવિયોં કી ગ્રંથ સૂચિ-અને ગ્રંથભાગ ૧-૪ - પૃ. ૧૩

સંદર્ભ નોંધ - ૧૩ : સરખાવો - "ઈનકા કવિતા કાલ સંવત ૧૬૨૪ સે પ્રારંભ હોના પ્રતીત હોતા હૈ । - ગણેશ વિહારી મિશ્રા વગેરે મિશ્રા બંધુ વિનોદ, પૃ. ૨૪૯".

સંદર્ભ નોંધ - ૧૪ : "આપે ભાષાનાં ધોળ-પદ ઘણાં કર્યાં છે." પૃ.૩૭

આવા ઉલ્લેખો બતાવે છે કે, શ્રીગોકુલનાથજીએ કેટલાંક પદો, દોહા વગેરેની રચના કરી હતી. પરંતુ આજે આપશ્રીના રચેલા ભાગ્યેજ કોઇ પદો અને દોહાઓ ઉપલબ્ધ છે. આપશ્રીનું રચેલું જાણીતું પદ નીચે દર્શાવ્યું છે.

બેઠે હરિ રાધાસંગ કુંજ ભવન અપને રંગ ।
કર મુરલી અધર ધરે સારંગ મુખ ગાઇ ॥[૧૫]

બીજું એક પદ છે જે પુષ્ટિમાર્ગના દસ સિદ્ધાંતો મર્મ વિશે કહે છે.[૧૬] તે ગુજરાતી ભાષામાં લખેલ છે અને અંતમાં વલ્લભનું નામ લખેલું જોવા મળતું નથી; અંતિમ પંકિત "શ્રીમદ્ વલ્લભ નિજપર કરુણાકરે, પોતાના દાસની જાય બાંહ્ય સાસ" એ શ્રીમદ્ વલ્લભાચાર્યનો ઉલ્લેખ કરે છે અને નહિ કે વલ્લભ એટલે કે શ્રીગોકુલનાથજીનો.

કહેવાય છે કે, અષ્ટછાપ કવિઓમાંના એક શ્રીગોવિંદસ્વામી એમનું પ્રસિદ્ધ એવું ધમારપદ- "શ્રીગોવર્ધનરાય લાલા" પૂર્ણ કરે તે પહેલાં તેઓનું નિધન થયું હતું. શ્રીગોકુલનાથજીએ ઉકત પદમાં "યહ વિધિ હોરી ખેલ હી વ્રજવાસીન સંગ લગામ"[૧૭] ઇત્યાદિ શબ્દો ઉમેરીને તેને પૂર્ણ કર્યું હતું. પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, નડિયાદે (ઇ.સ. ૧૯૪૨)માં પ્રકાશિત કરેલ "મહાપ્રભુ-સ્તુતિ-મુકતાવલિ" નામક ગ્રંથ ભાગ-૨ માં[૧૮] વલ્લભનાં ચાર પદોનો સમાવેશ કર્યો છે. આ પદો શ્રીગોકુલનાથજીની કલમે લખાયેલાં છે કે કેમ, એ નકકી કરવું મુશ્કેલ છે, કારણ કે એવા ઘણા બધા ગોસ્વામીઓ થઇ ગયા છે જેનાં નામ "વલ્લભ" છે - દા.ત. : કાકા વલ્લભજી[૧૯]

એક કવિત જેનું શીર્ષક "ભકતન કે પ્રતિપાલ" એવું છે તે અનુગ્રહના ગ્રંથભાગ-૧૩ માં ક્રમાંક : ૧૧-૧૨ (૧૯૫૦ ઇસ્વીસન) માં પ્રસિદ્ધ થયું છે અને તે શ્રીગોકુલનાથજી રચિત હોવાનું કહેવાય છે, પરંતુ તેનો સ્રોત જાણવા મળેલો નથી.

આ બધાં પદો કાં તો વર્ણનાત્મક કે સમર્પણભાવવાળા અને ઉપદેશાત્મક છે અને બહુધા તે બધાં ભાવાત્મક પ્રકારનાં છે - એક દીનતાભાવ અને બીજો ઐશ્વર્યભાવનાં. તેમાં ખાસ અસાધારણ એવું કશું જ નથી જોવા મળતું નથી. કાવ્યત્વની દૃષ્ટિએ તેમનું મૂલ્યાંકન કંઇ વધુ ઉચ્ચ પ્રકારનું થઇ શકે નહીં.

શ્રીગોકુલનાથજીનાં વચનામૃતોની હસ્તપ્રતો[૨૦] ઘણી બધી સંખ્યામાં ગુજરાત અને રાજસ્થાનમાં છે. કેટલાંય વચનામૃતોમાં, ઘણું કરીને દુહાઓ જોવા મળે છે તેની શરૂઆતમાં આ શબ્દોથી - "એક બાર . . .ની બાત ચાલો

સંદર્ભ નોંધ - ૧૫ : એજન - પૃ. ૪૦

સંદર્ભ નોંધ - ૧૬ : એજન - પૃ. ૩૭-૪૦

સંદર્ભ નોંધ - ૧૭ : સરખાવો - "શ્રીગોવિંદસ્વામી કે કીર્તન. . . . સાઢે બારહ હૈ તામે શ્રીગોવર્ધનરાય લાલા" એ આધી કહે . . . . તબ શ્રીગુસાંઇજી આપ આજ્ઞા કિયે જો ગોવિંદદાસ ઐસે કયોં રહી ગએ ? . . . દેહાધ્યાસ રહયો નહીં સો લીલામેં પ્રાપ્ત ભયે । ફેરી શ્રીગોકુલનાથજીને તુક પૂરી કરી ॥ - શ્રીગિરિધરજી કે ૧૨૦ વચનામૃત પૃ.૬૦

સંદર્ભ નોંધ -૧૮ : જુઓ - "શ્રી વંદ્રાવનચંદ વદનરુચિ . . . . . . ।" પૃ. ૫૨
"શ્રી કૃપાસિંધુ શ્રી લક્ષ્મણનંદ . . . .।" પૃ. ૭૯
"ભરોસો વલ્લભજી કો રાખો ॥ . . . . " પૃ. ૧૦૦
"વાગધીશ શ્રીમહાપ્રભુજી કો જપના . . . . . . । " પૃ. ૧૧૦

સંદર્ભ નોંધ - ૧૯ : જુઓ - વંશાવલિ (૧૯૪૩ ની આવૃત્તિ) - પૃ. ૨૩૧

સંદર્ભ નોંધ -૨૦ : કાંકરોલીના (હિંદી વિભાગ ક્રમાંક : ૮૫/૫) માં એક હસ્તપ્રત જોવા મળે છે જેનું શીર્ષક છે - કીર્તન સંગ્રહ - રેખતા જેમાં વલ્લભજી કૃત પદો અને રેખતા છે એ ચોકકસપણે જાણવું મુશ્કેલ છે કે, આના લેખક શ્રીગોકુલનાથજી છે કે કેમ પછી કોઇ બીજાના લખેલા છે ? એક રેખતો આ.મુજબ છે -સમઝ કે પ્યારી કોઇ દિલ હમ સોં લગાવેં તાબેદાર ઉસ્કેં ઉન ઉસ્કા હી ગુન ગાવેં ॥૧॥ મુરાદ પૂરેં ઉસકી. .

તે વાર પ્રસન્ન થઈને આ દુહો કહયો જે . . . વગેરે" થાય છે. એ કહેવું મુશ્કેલ છે કે આ દુહાઓ આપશ્રીના બનાવેલા છે કે પછી તે બધા ટાંકેલા છે ? કેટલાક દોહા આ મુજબ છે :-

(૧) તિસજ લાગી તિસકી તિસ બિન તીસ ન જાય ।
આની મિલાવો તિસકો તો તિસ દેસેં જાય ॥ [૨૧]

(૨) વિરહ અગ્નિ અંદર લગે સુમિર પ્રીતિકે વૈન ।
પૂર્વ પ્રીતિ વિચારી કરી વર્ષે બુઝાવત નૈન ॥ [૨૨]

(૩) શેઉ (?) બેલી પ્રેમ કી સીંચત હી કુમલાય ।
થડ કરે ફલ પ્રગટ ફલ કટે જડ જાય ॥ [૨૩]

(૪) સરત સેં સરલ શબ્દ કી ચોટ, સમઝે ચતુર નર જાનેં ।
બોટ કોટ તેં કઠિન ભ્રકુટિકિ ઔર । પ્રેમ કો ફંદ કહા બડ છોટ ॥ [૨૪]

(૫) સુકોસ વેકરંકભયો હિ ઘોં કાહાં ગંભીર ।
જહાં તે એ દૌલાયનાં લે લે આવત તાર ॥

(૬) હરિમુષ નિરષિ નાગરી નાગરી નાર ।
કમલનયન કે કમલવદન પર વારિજ વારિજ વાર ॥

(૭) ચંદન પાવર પાન સમાન ।
કપરા ચેહેરેં કોઉ કોઉ જાન ॥ [૨૫]

વરવાકયામૃત રત્નકોષમાં ૮૪ વિભાગ છે. તે પૈકી ૨૨ મો વિભાગ "પદદોહાકવિતાનાં વચન" નામનો છે અને તેમાં ૪૦ પ્રસંગો કહયા છે. તેમાં કેટલાક શ્લોક - કાવ્ય પંકિતઓ કદાચિત્ શ્રીગોકુલનાથજીના સ્વરચિત હશે અને કેટલીક ઉકિતઓ અન્ય કવિની કવિતાની હશે.

માર્ગીય પરંપરાથી અને કેટલાંક કાવ્યોમાં શ્રીગોકુલનાથજીનો ઉલ્લેખ છે અને તેથી એ અશકય નથી કે, શ્રીગોકુલનાથજી આવા દુહાઓની રચના કરી હોય. વળી આપશ્રી સારા વકતા હતા અને કેટલાક દોહાઓની શીઘ્ર રચના આપે કરી હતી. ઉકત દોહાઓ ગૂઢ - કોયડા સમાન અને ચોટાદાર શૈલીમાં રચેલા જોવા મળે છે.

સંદર્ભ નોંધ - ૨૧ : આ વર-વાકયામૃત રત્નોકોષના ગ્રંથભાગ-૨૨માં પણ જોવા મળે છે.

સંદર્ભ નોંધ - ૨૨ : વલ્લભીય સુધા - ગ્રંથ ભાગ ૧(૧) - પૃ. ૧-૩.

સંદર્ભ નોંધ - ૨૩ : જુઓ - શ્રીગોકુલનાથજીનાં વચનામૃતો - દયારામ પુસ્તકાલયની નોંધપોથીમાં ક્રમાંક ૮૩માં નોંધેલ છે -પોટલા ક્રમાંક : ૪૨

સંદર્ભ નોંધ - ૨૪ : હસ્તપ્રતમાં લખેલા શબ્દો પૂર્ણતયા સ્પષ્ટ નથી.

સંદર્ભ નોંધ - ૨૫ : દોહા ક્રમાંક : ૪ થી ૭ શ્રીકૃષ્ણલાલ દલાલની હસ્તપ્રત સન ૧૯૨૯ની છે તેમાંથી લીધેલા છે. જુઓ વલ્લભીય સુધા અને અનુગ્રહનો ગ્રંથભાગ ૧૦ ના ક્રમાંક - ૧૧ - ૧૨. તત્ત્વાર્થદોહન - પૃ.૪૨૯-૩૦ તેમાં આ કાવ્ય પંકિત - દોહા આપેલા છે. જિલ્લે ભરતપુર, રાજસ્થાનના કામવનના દેવકીનંદન પુસ્તકાલયમાં એક હસ્તપ્રતોનો સંગ્રહ છે તેમાં વ્રજભાષામાં એક હસ્તપ્રત છે જેનું શીર્ષક છે "ધૌલ શ્રીગોકુલેશજી કે " (અપૂર્ણ) છે પરંતુ હસ્તપ્રત પુસ્તકાલય અવ્યવસ્થા દશામાં હોવાથી મને તે હસ્તપ્રત જોવા મળી શકી નહોતી અને તેથી તે વિશે અહીં કહેવાનું શકય નથી - એક ઉદાહરણ લઈએ જો કોઈ વ્યકિત ગુજરાતી વર્ષ અનુસાર માગશર વદી ત્રીજને દિવસે પ્રવાસે જવા ઇચ્છે છે તો તેણે શ્રીગોકુલનાથજીના કોઠામાં પોષ મહિનાના ત્રીજ સામે લખેલું લખાણ એવું - ફલ છે - કાર્ય સિદ્ધ થાય અર્થ પરિપૂર્ણ થાય. સારી બાત સંબલાય ।"

(૩) પ્રકીર્ણ - રચનાઓ :

(અ) એકાદશી નિર્ણય :-

વડોદરામાં એક હસ્તપ્રત છે, જે શ્રી કૃષ્ણલાલ દલાલની છે તેમાં એકાદશી નિર્ણય લખેલું જોવા મળે છે તે શ્રીગોકુલનાથજી કૃત છે. શૈવો અને વૈષ્ણવો વચ્ચે એકાદશી વ્રત કરવા સંબંધે મતભેદ પ્રવર્તે છે. વૈષ્ણવોને કહેવામાં આવ્યું છે કે, જે દિવસે દશમનો[૨૬] જરાસરખો પણ વેધ ન હોય તે દિવસ એકાદશીનું વ્રત રાખવું. એકાદશીનિર્ણયમાં વિવિધ પુરાણો, જેવાં કે સ્કંદ , વિષ્ણુધર્મોત્તર વગેરેમાંથી એકાદશી વ્રત સંબંધી જે શ્લોકો છે તે આપેલા છે. તેમાં કંઇ જ નવું નથી આપ્યું.

આ ગ્રંથ-રચનામાં પુરાણમાંથી એકત્રિત કરેલાં પ્રમાણો તુલસી-માલાના બચાવમાં જે ગોકુલનાથે કરેલાં તે સહિતના ઉલ્લેખો કલ્લોલના ૭ માં જોવા મળે છે જે દર્શાવે છે કે, આપશ્રીએ તુલસી-માલાના નિજના મતના સમર્થનમાં પુરાણનાં પ્રમાણો એકઠાં કરવામાં કેટલો બધો ઊંડો રસ લીધો હતો.

(બ) ફલ જયોતિષની ગ્રંથ-રચનાઓ

બે ગ્રંથ-રચનાઓ (પ્રયાણ મુહૂર્ત) વચનામૃત અને પ્રશ્નાવલી નામની છે તે બે પરંપરાગત રીતે શ્રીગોકુલનાથજી કૃત ગણવામાં આવે છે. તેમાંની પ્રથમ રચનાને શ્રીગોકુલનાથજી કા વચનામૃત પણ કહેવામાં આવે છે. તેનો ઉપયોગ ખાસ કરીને પ્રવાસે જવાના પ્રસંગે કરવામાં આવે છે અને તે દિવસ પ્રવાસ માટે સારો છે કે નહિ તે જાણવામાં કરાય છે. તેમાં દિવસના પ્રહરના ફલ સહિત પ્રવાસ દિશા પણ કહેવામાં આવે છે. આના કોઠામાં ચાંદ્રમાસના માત્ર બાર દિવસો દર્શાવ્યા છે અને કહયું છે કે, મહિનાના તેરમા, ચૌદમા અને પુનમના દિવસોને શુભ કે અન્યથા ગણવામાં મહિનાના ત્રીજા, ચોથા અને પાંચમા દિવસની પરિસ્થિતિ અનુસાર ગણવા , અને અમાવાસ્યાને પ્રવાસારંભ માટે સર્વથા ટાળવી. આમાં દર્શાવેલા મહિના વ્રજપ્રદેશમાં અનુસરવામાં આવે છે અને દિવસો વૈષ્ણવી ગણત્રી અનુસાર ગણવાના હોય છે. શ્રીગોકુલનાથજીના ઘણા ખરા અનુયાયીઓ ભારે શ્રદ્ધાપૂર્વક તેને અનુસરે છે.

આથી એવું સૂચવાયું છે કે, જો વ્યકિત કાર્યમાં સફળતા ઇચ્છતો હોય, તો તેણે પ્રવાસ આરંભ માટેનો પ્રહર અને દિશા શોધવાં પડે અને જો તે એમ કરે તો તેણે કાર્યનો આરંભ પ્રથમ ત્રણ પ્રહરમાં અને તે પણ પૂર્વ કે ઉત્તર દિશામાં કરવો પડે.

ભારતીય પંચાંગોમાં ગોરખ અંક અથવા પ્રયાણ મુહૂર્ત પણ આપેલાં હોય છે, કેટલાક લોકો માને છે કે, સુપ્રસિદ્ધનાથ સંપ્રદાયના ગોરખનાથ યોગી દ્વારા તેની રચના કરવામાં આવી છે. આ ગ્રંથની રચનાની મિતિ-સાલ નિશ્ચિત કરવાનું મુશ્કેલ છે. શકય છે કે, શ્રીગોકુલનાથજીને ઉકત પરંપરાગત કોઠો હાથવગો થયો હોય અને આપશ્રીએ નિજના અનુયાયીઓને તેને અનુસરવાની આજ્ઞા કરી હોય. વચનામૃત એવો જે શબ્દ પ્રયોજાયેલો છે તે એવું તારણ કાઢવા પ્રેરે છે કે, આપશ્રી જે કંઇ કહેતા - બોલતા તેને વચનામૃત એવું નામ આપવામાં આવતું - ગણવામાં આવતું હતું.

બીજી ગ્રંથ-રચના છે તેનું શીર્ષક છે - શ્રીગોકુલનાથજી કી પ્રશ્નાવલી[૨૭] તેનો પ્રારંભ આ પ્રમાણે થાય છે :-

---

સંદર્ભ નોંધ - ૨૬ : સરખાવો - "જો વૈષ્ણવ હોય સો દશમિ વિદ્ધ એકાદશી ન કરેં, કદાચિત્ કરે તો બાકી વૈષ્ણવતા સર્વ જાય" - હસ્તપ્રત - પૃ. ૧૮૬

સંદર્ભ નોંધ - ૨૭ : મને કયાંય કોઇ છપાયેલું જોવા મળ્યું નથી. મને આની હસ્તપ્રત વડોદરાના કલ્યાણરાયજી મંદિરમાં જોવા મળી હતી જેનું ૬"x ૫" નું છે અને ૧૪ પાનાં છે. એક હસ્તપ્રત છે જેનું નામ છે - "શ્રીગોકુલનાથજી કી પ્રશ્નાવલી" (જુઓ - હસ્તપ્રતની યાદી પૃ. ૪૧૮ - દેવકીનંદન પુસ્તકાલય કામવન (રાજસ્થાન) મને તે જોવા મળી નહોતી, કારણ કે વરસાદને કારણે હસ્તપ્રતો અવ્યવસ્થિત દશામાં પડી હતી.

"શ્રીકૃષ્ણાય નમઃ। શ્રીગોપીજનવલ્લભાય નમઃ । અબ શ્રીગોકુલનાથજી મહારાજ કી પ્રશ્નાવલી લિખ્યતે । દેખિયે કી યહ વિધિ હૈ કી ભીતર ૬૪ કોષ્ટ હૈં ઉનમેં સુ એક કોષ્ટ પૈ ઉંગરિયા ધરણી અંગારિયા કે નીચે જિનસો અંક હોય તાહી અંક કો ફલ ભીતર દેખીયે લેનોં વિશ્વાસ રખૈ તો સર્વ કાર્ય સિદ્ધિ હોય ।"

ત્યારબાદ ૬૪ અંક (૮X૮) નો કોઠો છે : ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪ વગેરે અંક ધરાવે છે અને વ્યકિત જયારે જાણવા માંગે કે પોતાનું કાર્ય સફળ થશે કે નિષ્ફળ થશે, ત્યારે તેણે પોતાની આંગળી ૬૪ સંખ્યા પૈકી એક પર મૂકવી અને પછી તે અંક સામે દર્શાવેલ કાર્યના મુખ્ય ભાગ પરત્વે ફળને જોવું ઉદાહરણ તરીકે જો કોઇ વ્યકિત અંક ૩૧૧ પર આંગળી મૂકે છે અને તેણે સંખ્યા સામે દર્શાવેલુ લખાણ વાંચવું જે તે સંખ્યા સામે દર્શાવેલું ફળ નિર્દેશ કરે છે :-

"૩૧૧ - જો કાજ તુમ ચિતવત હો સો હોયગો કુલદેવ કી શરણ સિદ્ધિ હોયગી ।" - ૩૩

આથી, આનો કહેવાનો અર્થ એ છે કે, સંબંધિત વ્યકિતએ કુલદેવતાની પૂજા-અર્ચના કરીને કાર્યનો આરંભ કરવો જોઇએ.

આવી ગ્રંથ-રચનાઓનો આધાર ફલ જયોતિષનો સિદ્ધાંત હોય છે. આવી રચનાઓમાં ખગોળશાસ્ત્ર/જયોતિષશાસ્ત્ર જેવું કશું જ હોતું નથી. મારા સાંભળવા મુજબ આવા કોઠા જૈન ગ્રંથોમાં પણ અને કેટલાક મુસલમાની મૌલવી વગેરે પણ રાખતા હોય છે. આજની વિચારક બુદ્ધિને આ ફલાદેશનો આધાર માત્ર તક કે અવસરનો જ હોવાનું સર્વથા લાગે.

કહેવાય છે કે, આવા કોઠાઓ સંખ્યા શાસ્ત્ર-વિજ્ઞાન આધારિત હોય છે. દરેક ગ્રહનો એક ચોકકસ અંક - સંખ્યા હોય છે. દાખલા તરીકે સૂર્યનો અંક ૧ અને ૪, ચંદ્રનો અંક ૨ અને ૭ અને જયુપીટર (ગુરુ) નો અંક ૩, મરકયુરીનો (બુધ) ૫, માર્સનો (મંગળ) ૯, સેટનેનો (શનિ) ૮ અને વીનસનો (શુક્ર) ૬ અંક એમ હોય છે. આથી જયારે આપણે અંક - સંખ્યા ૩૧૧ કોઠામાં આંગળી મૂકીએ તો તેની કુલ અંક સંખ્યા ૩+૧+ ૧=૫ થાય અને તેથી તેને મરકયુરી સાથે સંબંધ છે[૨૮].

આવા જયોતિષવિષયક ગ્રંથ-રચનાના રચયિતા શ્રીગોકુલનાથજી કહેવાય છે તે સર્વથા વિચિત્ર બાબત લાગે છે. મને આ અંગે એવો પ્રશ્ન થાય છે કે, જો પુષ્ટિમાર્ગનો પરમોચ્ચ સિદ્ધાંત ભગવાન પર સંપૂર્ણ અને ભારે ભરોસો રાખવા કહે છે ત્યારે તેની સાથે એટલે કે પુષ્ટિમાર્ગીય ભાવના સાથે આ પ્રકારેની મુહૂર્ત કાઢવાની - જોવાની પદ્ધતિનું અનુસરણ કરવું કઇ રીતે સિદ્ધાંત દૃષ્ટિએ સુસંગત ગણાય ? મને તો એવું લાગે છે કે, આમાં પ્રાચીન પરંપરાનું જ અનુસરણ થયું છે.

(૪) ગોરખ - કુંડલી :-

કાંકરોલીમાં એક હસ્તપ્રત છે[૨૯] જેનું શીર્ષક છે ગોરખ-કુંડલી. પ્રથમ પૃષ્ઠ પર તેમાં આરંભમાં લખ્યું છે.

સંદર્ભ નોંધ - ૨૮ : આવી એક પ્રશ્નાવલી "વર્ષ-પ્રબોધ અને અષ્ટાંગનિર્મિત" (ગુજરાતી) જેના રચિયતા શ્રી મેઘ વિજય જાની છે. જેના પ્રકાશક ભાવનગરના માસ્તર પોપટલાલ શાહ છે અને પ્રકાશન વર્ષ ૧૯૨૭ છે અને તેનું શીર્ષક છે : શ્રી ગૌતમજી મહાવિદ્યા. તેમાં ૨૭ ચોકઠાં છે (૩ આડાં X ૯ ઉભા) અને સંખ્યા - અંક ૨૭ છે : ૧૧, ૩૩૧, ૧૩૨ (પ્રથમ પંકિતમાં), ૧૧૩, ૩૨૩, ૨૨૨ (બીજી પંકિતમાં) ઇત્યાદિ અને શ્રીગોકુલનાથજીની પ્રશ્નાવલી કરતાં કેટલીક વધુ વિગત પ્રત્યેક અંક સામે દર્શાવી છે. આથી એ જોવા મળે છે કે, પ્રાચીન અને મધ્યયુગમાં આવા પ્રશ્નોના કોષ્ટક - પ્રશ્નાવલી પ્રચલિત હતી.

સંદર્ભ નોંધ - ૨૯ : જુઓ-હિંદી હસ્તપ્રત ક્રમાંક : ૧૦૭-૧૭ તેનું કદ છે. ૧૧½" X ૫ ½" અને પૃષ્ઠ સંખ્યા ૫ છે.

"શ્રીગોકુલનાથસ્યેદ." શરૂઆત આ પ્રમાણે છે "શ્રી ગણેશાય નમઃ । અથ ગોર્ષ કુંડલિષ્યતે ॥" નાભી[30] વિષે કૂંડલી સર્પ કે આકારી સ્થિત હૈ । . . ." હસ્તપ્રતની ભાષા દોષયુકત છે.

"શ્રીગોકુલનાથસ્યેદં" એ શબ્દોનો અર્થ મારા મતે એવો થાય કે, આ રચના શ્રીગોકુલનાથજી કૃત છે અને તે શ્રીગોકુલનાથજીએ સ્વયં લખેલી નથી. આ ગ્રંથરચનાના રચનાકાર વિશે નિર્ણય કરવો મુશ્કેલ જણાય છે, કારણ કે કોઇ અન્ય પ્રમાણ પ્રાપ્ત નથી.

આથી આ ગ્રંથ-રચનાના સંબંધમાં એવું અનુમાન થઇ શકે કે, શ્રીગોકુલનાથજીને નાથસંપ્રદાય વિશે કેટલીક જાણકારી હતી, કે આપશ્રીને નાથ-સાહિત્યમાં રસ હતો અથવા તો આપશ્રી કેટલાક નાથોના સંપર્કમાં હતા.

(૫) શ્રીગોકુલનાથજીના હસ્તાક્ષરો

શ્રીગોકુલનાથજીના હસ્તાક્ષરો કેટલાંક સ્થળોએ જોવા મળે છે. મેં આપશ્રીના હસ્તાક્ષર, કપડવંજ જિલ્લે ખેડામાં જેને આપણે સહી કહી શકીએ એવા બે સ્થળે જોયા છે. શ્રી ઉત્સવલાલ પરીખના ઘરમાં કાગળના એક ટુકડા પર શબ્દ "વલ્લભસ્ય" લખેલો છે જે શ્રીગોકુલનાથજીએ લખ્યો છે એમ કહેવાય છે અને તેને બહુમૂલ્ય ખજાના તરીકે જાળવવામાં આવ્યો છે. બહેનજીરાજાને પવિત્ર એવાં સ્થળે શ્રી સુબોધિનીજીની એક હસ્તપ્રત છે જેના પહેલાં જ પાના પર "વલ્લભસ્ય" લખેલું છે અને તે હસ્તપ્રત ૧૬૪૭ વિક્રમ સંવત સાલ પણ લખેલી છે જે વર્ષમાં શ્રીગોકુલનાથજી કપડવંજ પધાર્યા હતા.

શ્રીહરિહરનાથ ટંડને વાર્તા-સાહિત્ય નામનો મહાનિબંધ લખ્યો છે. તેમાં તેમણે શ્રીગોકુલનાથજી લિખિત એક પત્રની ફોટો-કોપી આપી છે અને તેમણે એવું વિધાન કર્યું છે કે, શ્રીગોકુલનાથજીના સ્વહસ્તાક્ષરમાં લખાયેલો પત્ર છે તે શ્રી વસંતરામ શાસ્રી પાસેથી મેળવ્યો હતો.

શ્રી લલ્લુભાઇ સી. દેસાઇએ ટોડરમલ સ્મારક ગ્રંથમાંથી શ્રીગોકુલનાથજીના હસ્તાક્ષરની ફોટો-કોપી[31] કઢાવીને મૂકી છે. કહેવાય છે કે, કાશી ખાતેના શ્રીમદ્ વલ્લભાચાર્યના તીર્થ-પુરોહિતની શ્રીમદ્ વલ્લભાચાર્યની હસ્તાક્ષર - પોથીમાં હસ્તાક્ષરો જોવા મળે છે. ઉકત હસ્તાક્ષરોમાં એક વિચિત્રતા એ છે કે, શાસ્તી શબ્દનો શાસ્રી અને ગોર શબ્દનો ગુરુ લખેલ છે. ઉપરોકત ફોટો-કોપીમાં તેમજ આ પોથીમાં લેખકે પોતાનો ઉલ્લેખ ગોકુલેશ અને ગોકુલનાથ એવો ઉલ્લેખ કર્યો છે. વાસ્તવમાં શ્રીગોકુલનાથજી નિજનો ઉલ્લેખ કદાપિ કરતા નહોતા. આથી એ શકય છે કે, કોઇ લહિયાએ શ્રીગોકુલનાથજીની આજ્ઞાથી અથવા તેમના વતી આ બન્ને ઉલ્લેખો લખાણમાં કર્યા હોય.

શ્રીગોકુલનાથજીના હસ્તાક્ષરવાળો એક પત્ર અમદાવાદના મદનમોહનજીના મંદિરમાં છે[32]

શ્રી મટુજી મહારાજની પોથીમાંથી એક વિધાન લીધેલું છે અને તે વલ્લભીય-સુધા (ગ્રંથભાગ-૩(૧)નાં પૃ. ૧૭) પર પ્રકાશિત કરેલું છે. તેમાં એમ લખ્યું છે કે, શ્રીગોકુલનાથજીના હસ્તાક્ષરો નીચે દર્શાવેલાં સ્થળોએ જોવા

સંદર્ભ નોંધ - ૩૦ : કુંડલિની ગુપ્તાંગો વચ્ચે રહેલી છે એવું કહેવાય છે. જુઓ - "યહ (મૂલાધાર ચક્ર) મેરુદંડ કે નીચે તથા ગુહ્ય ઔર લિંગ કે મધ્યમેં રહતા હૈ. . . . . . ઇસ ચક્ર મેં એક ત્રિકોણ આકાર હૈ, જિસમેં કુંડલિની, દેગસ નર્વ નિવાસ કરતી હૈ ।" ડૉ. રામકુમાર વર્માકૃત "કબીર કા રહસ્યવાદ" (૧૯૫૧ ની આવૃત્તિ) - પૃ. ૭૭ વળી હઝારીપ્રસાદ દ્વિવેદી કૃત "કબીર" - પૃ. -૪૪ (આવૃત્તિ ૧૯૫૦). આ કૃતિ કહે છે કે, કુંડલિની નાભિ - ડૂંટીમાં - મધ્યભાગમાં રહેલી છે. સંભવ છે કે, કુંડલિનીના સ્થાન અંગે કોઇ અન્ય પરંપરા - માન્યતા હોય.

સંદર્ભ નોંધ - ૩૧ : જુઓ ફોટો કોપી - આર્ટ પેપર પર

સંદર્ભ નોંધ - ૩૨ : જુઓ સંદર્ભ નોંધ - ૬

મળે છે.

(૧) ગોકુલ (૨) કાંકરોલી (૩) મુંબઇના શ્રી ચીમનલાલજીની શ્રીનવનીતપ્રિયાજીનું મંદિર અને (૪) ચાંપાસેની વૈષ્ણવ વેલજી પાસે.

એવું પણ કહેવાય છે કે, શ્રીગોકુલનાથજીના હસ્તાક્ષરોમાં લખેલા "ગદ્ય-મંત્ર" ગોકુલ અને ભરુચમાં જોવા મળે છે.

કાંકરોલીમાં બાલકૃષ્ણજીના મંદિરમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજીના ત્રીજા લાલજી એવા શ્રીબાલકૃષ્ણજીના હસ્તાક્ષરો જાળવેલા જોવા મળે છે. ત્યાં મેં બાલબોધની એક હસ્તપ્રત શ્રીગોકુલનાથજીના હસ્તાક્ષરમાં લખેલી જોઇ છે.

"વેણુનાદ"[૩૩] નામક સામયિકમાં પ્રસિદ્ધ થયેલ એક લેખમાં લખ્યું છે કે, "સંપ્રદાયપ્રદીપ" શ્રીગોકુલનાથજીના હસ્તાક્ષરમાં લખાયેલી છે પણ આજે તેની હસ્તપ્રત ક્યાંય જોવા મળતી નથી અર્થાત્ ઉપલબ્ધ નથી.

સંદર્ભ નોંધ - ૩૩ : વેણુનાદ ગ્રંથભાગ ૧ (૨) - પૃ. ૨૦.

પ્રકરણ - ૪

શ્રીગોકુલનાથજીના અનુયાયીઓ

અથવા

'ચતુર્થ ગૃહ'

(૧) ચતુર્થ ગૃહ :

શ્રીવિઠ્ઠલનાથજીને સાત લાલજી હતા. તેમાં શ્રીગોકુલનાથજી ચતુર્થ લાલજી હતા. સૌથી મોટા શ્રીગિરિધરજી ધર્મી સ્વરૂપ હતા અને બીજા છ લાલજી ભગવાનના ષડ્‌ગુણ (ઐશ્વર્ય, વીર્ય, શ્રી, યશસ્, જ્ઞાન અને વૈરાગ્ય) હતા. તદનુસાર, શ્રીગોકુલનાથજી ભગવાનના યશસ્વરૂપ હતા અને તેથી આપની કીર્તિ દૂરસુદૂરના દેશોમાં ફેલાઈ હતી. આ માન્યતા પાછળથી અસ્તિત્ત્વમાં આવી હતી. એ ગમે તે હો, એ હકીકત નોંધાયેલી છે કે, સાતેય લાલજીમાં શ્રીગોકુલનાથજી ભારે સમર્થ હતા. શ્રીવિઠ્ઠલનાથજી પણ તેમના વિશે ઉચ્ચ મત ધરાવતા હતા અને આપશ્રીની સાથે ઘરેલુ તેમજ ધાર્મિક અને આધ્યાત્મિક પ્રશ્નોમાં વિચાર-વિમર્શ કરતા. શ્રીવિઠ્ઠલનાથજીએ જીવનના અંતિમ દિવસોમાં શ્રીગોકુલનાથજીને પોતાની પાઘ અને માલા આપ્યાં હતાં, એવું જાણવા મળે છે.[૧]

શ્રીગોકુલનાથજી ઉદારચિત્ત હતા અને આપની નિત્ય વચનામૃત કહેવાનો નિયમ-ને કારણે તથા આપની વિનમ્ર વર્તણૂક અને વૈષ્ણવો માટેનો ભારે પ્રેમ ધરાવતા, તેથી અસંખ્ય લોકોને આપની તરફ આકર્ષતા હતા. વિક્રમ સંવત ૧૯૪૬-૪૭ ની આપની ગુજરાત યાત્રા વખતે આપે ઘણા બધા લોકોને પુષ્ટિમાર્ગની દીક્ષા આપી શરણે લીધાં હતાં. માલા-પ્રસંગની ઘટનાએ આપને અત્યંત પ્રસિદ્ધ - કીર્તિ આપી હતી અને ઘણી મોટી સંખ્યામાં લોકોએ પોતાના ગુરુપદે સ્થાપ્યા હતા - સ્વીકાર્યા હતા. તદ્દુપરાંત, આપે ૮૯ વર્ષ જેટલું લાંબું આયુષ્ય ભોગવ્યું હતું અને અસંખ્ય લોકોને પોતાના અનુયાયી બનાવ્યા હતા, જે બીજા ગોસ્વામીઓની સંખ્યા કરતાંયે વિશેષ હતા. 'શ્રીવલ્લભરત્નરસાલય-ભક્તરાજ' નામક ગ્રંથમાં લખ્યા મુજબ વિક્રમ સંવત ૧૭૩૩માં[૨] ૫૦૦૦ જેટલા તો શ્રીગોકુલનાથજીના શિષ્યો હતા. આ સંખ્યા હકીકતમાં કુટુંબોની છે અને નહિ કે વ્યકિતઓની.

શ્રીવિઠ્ઠલનાથજીના શ્રીગોકુલનાથજી ચતુર્થ લાલજી હતા, એટલે પુષ્ટિમાર્ગમાં આપશ્રીના અનુયાયીઓ **'ચતુર્થ ગૃહ'** ના અથવા **"જય જય શ્રી ગોકુલેશવાળા"** ને નામે ઓળખાય છે. આ અનુયાયીઓ બીજા છ ગૃહોના અનુયાયીઓ કરતાં કપાળ પર જે તિલક[૩] ધારણ કરે છે તેથી અને સેવામાં કેટલાક અંશે[૪] ભિન્ન પડતા જણાય છે.

સંદર્ભ નોંધ - ૧ : સરખાવો - "સોપ્યું એહોને સર્વદા એતન માર્ગ સમસ્ત ॥ ૨૩૪ ॥
પહેરાવી શ્રીકંઠમાંહાં પોતાના કંઠની માલ ॥ ૨૩૮ ॥
પાઘ પોતાની લઈ અને ધરાય શ્રીજીને માથ
પોતાનૂં સર્વ અને સર્વસ્વ સોંપ્યું હાથ ॥ ૨૩૯ ॥
- ગોપાલદાસ કૃત - પ્રાગટ્ય સિદ્ધાંત મંગલ - ૩૦

સંદર્ભ નોંધ - ૨ ; જુઓ પરિશિષ્ટ -૫

સંદર્ભ નોંધ - ૩ ; જુઓ પ્રકરણ (અ) (૧) - તિલક - નિર્ણય

સંદર્ભ નોંધ - ૪ ; ચતુર્થ ગૃહની સેવા-પૂજા પદ્ધતિ અંગેના કપડવંજના નરોત્તમશાસ્ત્રી લિખિત સેવા -સર્વસ્વ

(૨) શ્રીગોકુલનાથજીના અનુયાયીના બે પ્રકાર :

શ્રીગોકુલનાથજીના અનુયાયીઓના મુખ્ય બે પ્રકાર કહયા છે -(૧) ભરુચી (૨) નિમાડીઆ તેમાં પહેલા પ્રકારના ભકતોને "પાવડિયા" વ્યંગમાં કહેવામાં આવે છે, કારણ કે તેઓ શ્રીગોકુલનાથજીની કાષ્ઠની પાદુકાને પૂજે છે. પરંતુ "પાવડિયા" શબ્દમાં અવ્યાપ્તિ અને અતિવ્યાપ્તિનો દોષ છે, કારણ કે એવા પ્રકારના વૈષ્ણવો છે જે શ્રીગોકુલનાથજીની પાદુકાને પૂજે છે અને બીજા એવા છે જેમને પાદુકા પ્રાપ્ત ન થતાં શ્રીગોકુલનાથજીના વસ્ત્ર અથવા વાળની પૂજા કરે છે કે તેમના લખેલા પત્રો કે શ્રીયમુનાજીની પૂજા કરે છે - નિમાડીઆ શબ્દનો કટાક્ષમાં "પાવડીઆ" સાથે શબ્દનો પ્રાસ મેળવવા પ્રયોગ કરવામાં આવ્યો છે. નિમાડીઆઓને તે પ્રકારે એટલા માટે કહેવામાં આવે છે કે, તેઓ કેટલાક નિયમો અને પ્રથાને વધારે મહત્ત્વ આપે છે. દાખલા તરીકે, ભરુચી વૈષ્ણવો, આપણે માણસો જયારે ગરમી અનુભવીએ ત્યારે ઉનાળામાં મંદિરોમાં જલના ફુવારા ઉડાવવાનું શરૂ કરે છે જયારે નિમાડીઆ તેમ કરવાનું વૈશાખ મહિનાના સુદ ૧૪ના દિવસથી શરૂ કરે છે. ભરુચી વૈષ્ણવો ભગવાન સમક્ષ ઠંડીમાં ભગવાનને રજાઇ ધરવાનું તેમની સમક્ષ અંગેઠી મૂકવાનું શરૂ કરી દે છે, જયારે નિમાડીઆ વૈષ્ણવો તો ઠંડીની મોસમ ભલે વહેલી શરૂ થઇ ગઇ હોય તો પણ તે ધરવાનું તો કારતક સુદ ૧૧ના દિવસથી જ શરૂ કરે છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યના વંશજો (એટલે કે ગોસ્વામી)ના સર્વ શિષ્યોને નિમાડીઆ કહેવામાં આવે છે એટલે કે સર્વ વૈષ્ણવો બાદ ભરુચીઓ નિમાડીઆ કહેવાય છે.[૫]

(૩) નિમાડીઆ વૈષ્ણવો :

નિમાડીઆ વૈષ્ણવો બીજા છ ગૃહોના વૈષ્ણવોથી ખાસ જુદા પડતા નથી. નિમાડીઆ બધા જ ગોસ્વામીઓને દિવ્ય ગણે છે, ભેટ અર્પણ કરે છે અને છ ગૃહોનાં તમામ મંદિરોમાં ભગવાનનાં દર્શન કરવા જાય છે. અપવાદ માત્ર એટલો જ છે કે, તેઓ ગોકુલની ગાદી પર બિરાજતા ગોસ્વામી પાસે માર્ગદીક્ષા લેવા જાય છે જે ચતુર્થ ગૃહના ગાદીપતિ હોય છે. બીજા વૈષ્ણવોની છ ગૃહોથી અન્ય પ્રકારે તેઓ શ્રીગોકુલનાથજીના પ્રાગટય દિનને અત્યંત મહત્ત્વનો ગણે છે અને ભારે શ્રદ્ધા અને હર્ષોલ્લાસથી ઉજવે છે. છ ગૃહોના શિષ્યોની જેમ તેઓમાં પણ કેટલાક જુદા પડતા વૈષ્ણવો પોતાના શરીર પર જુદા જુદા ચિહ્નો ધારણ કરે છે, સર્વોત્તમસ્તોત્રનુ કે તેના ગુજરાતી અનુવાદનું પઠન કરે છે, પાંચ કે તેથી વધુ માળા જપે છે અને સ્તોત્રો કે ષોડશગ્રંથો વાંચે છે. સાંજે તેઓ પોતાના ઘરમાં કે મંદિરોમાં વાર્તા વાંચે છે. આ માત્ર નામ-સેવા છે. બીજા કેટલાક ભગવાનના સ્વરૂપને ઘરોમાં પધરાવે છે તે પણ ગોસ્વામીઓની આજ્ઞા મેળવીને અને ભગવાનને નિત્ય મીસરી ભોગ ધરે છે અને વધુમાં કેટલાક લોકો નાગરી નામક મીઠાઈ પણ ધરે છે. ઉપરોકત નામ-સેવા પણ તેઓ નિત્ય કરતા હોય છે. આ પ્રકારની સેવાને પૂર્ણ અને સાચી પુષ્ટિમાર્ગીય સેવા કહી શકાય નહીં, પરંતુ બધા જ લોકો બધી જ સેવા - રીતિ અને પૂજા સંપૂર્ણતયા કરી શકતા નથી જે "મર્યાદી" ઓ કરે છે એવા લોકો ઉપરોકત રીતોથી જે તેમના માટે અનુકૂળ હોય, તે પ્રકારેની ભગવત્ સેવા કરે છે.

વળી, બીજા એક પ્રકારના વૈષ્ણવો છે જેમને "મર્યાદીઓ" એટલે કે મરજાદીઓ કહેવામાં આવે છે તેઓ ભગવાનનું સ્વરૂપ (છબી, અથવા ગ્રંથ કે શ્રીઅંગનું વસ્ત્ર - ગાદી વગેરે) પોતાના ઘરમાં પધરાવે છે અને ભગવાનના એ સેવ્ય સ્વરૂપની સવારે કે સાંજે અથવા તો બન્ને સમયે સર્વ નિયમો અને પરંપરાગત પ્રથાનુસાર નિત્ય સેવા(પૂજા) કરે છે. તે મર્યાદીઓમાં પણ તેમને અનુકૂળ હોય તે પ્રકારે જુદી જુદી રીતે સેવા-પૂજા કરવામાં આવે છે. તેઓ ભગવાનને ધરાવેલી ભોગ-સામગ્રી અને જલને જ ગ્રહણ કરે છે અને અન્ય ભોગ-સામગ્રી કે જલ એટલે કે હોટલ

સંદર્ભ નોંધ - ૫ : વધુ વિગત માટે જુઓ 'ભરુચી નિમાડીઆ કલહ' પૃ. ૩૯

અને અલ્પાહાર ગૃહોમાં જતા નથી કે તેનું ભોજન કે જલ ખાતા-પીતા નથી. હાલના સમયમાં મર્યાદીઓની આ પ્રકારની મરજાદ ભોજન અને વર્તન-વ્યવહાર પરત્વેની મેડ પાડવાનું મુશ્કેલ છે અને સેવા-પૂજાની આ પદ્ધતિમાંની શ્રદ્ધા હાલના સમયમાં લુપ્ત થતી જાય છે, અને તેથી વૈષ્ણવોનો આ વર્ગ દિવસે દિવસે સંખ્યાની દૃષ્ટિએ કદમાં નાનો થતો જાય છે.

ખાસ નોંધવા જેવી બાબત એ છે કે, 'ચતુર્થ ગૃહ' નાં મંદિરોની વ્યવસ્થાનું સંચાલન વૈષ્ણવો સ્વયં કરે છે અને તેમના રોજ-બરોજનાં કે આર્થિક કામો કરવાની બાબતમાં ગોકુલની ગાદી એટલે પીઠાધીશ હોય એવા ગોસ્વામી મહારાજ દખલ કરતા નથી હોતા.

(૪) ભરુચી વૈષ્ણવો :

ભરુચી વૈષ્ણવો[૬] પોતાના વિશે એક સમૂહરૂપ રહે છે. તેમનામાં પણ 'મર્યાદી' અને 'બિન-મર્યાદી' એવા પ્રકારો હોય છે તેઓ પોતાના મતને મહદ્ - માર્ગ તરીકે પણ ઓળખાવે છે. તેઓ અન્ય વૈષ્ણવોથી એટલે કે 'છ ગૃહોના' કે 'ચતુર્થ ઘરના' વૈષ્ણવોથી પ્રકારે કરીને સર્વથા ભિન્ન હોય છે. તેઓ શ્રીગોકુલનાથજીને 'પરમેશ્વર પરમાત્મા'[૭] તરીકે માને છે અને શ્રીમદ્ વલ્લભાચાર્યને તેમના મુખારવિંદ અને શ્રીવિઠ્ઠલનાથજીને તેમના હૃદયરૂપ ગણે છે. તેઓ કોઇપણ પુષ્ટિમાર્ગીય મંદિરે દર્શન કરવા જતા નથી અને ન તો કોઇ ગોસ્વામીઓને નમસ્કાર કરે છે. શ્રીમદ્ વલ્લભાચાર્યના વંશજોને શ્રીમદ્ વલ્લભાચાર્ય રૂપે[૮] જોવાની પુષ્ટિમાર્ગીય લોકપ્રિય માન્યતામાં માનતા નથી અને પુષ્ટિમાર્ગીય મંદિરોમાં બિરાજમાન ભગવાનનાં વિવિધ નિધિ-સ્વરૂપોને તેઓ નમસ્કાર કરતા નથી. તેઓના ભગવદ્ ભાવ અને સેવા-પૂજાનો વિવિધ અન્ય વૈષ્ણવોથી પ્રકારે કરીને ભિન્ન હોય છે. તેઓ શ્રીગોકુલનાથજીની કોઇ છબી કે પ્રતિમા કે ભગવાનનાં અન્ય કોઇ સ્વરૂપની સેવા-પૂજા કરતા નથી. તેઓ શ્રીગોકુલનાથજીની પાદુકા વસ્ત્ર, પત્ર, કેશ, કે તેમણે સ્પર્શ કરી હોય તેવી વસ્તુને શ્રીગોકુલનાથજીનું સ્વરૂપ[૯] ગણે છે અને ઉપરોક્ત બાબતો પૈકી કોઇને

સંદર્ભ નોંધ - ૬ : કહેવાય છે કે, ભરુચી શબ્દનો પ્રયોગ ખરો નથી. સાચો શબ્દ છે ભર રુચી (એટલે કે ભારે આધ્યાત્મિક ભાવ ધરાવતા) જેનું પછીથી લૌકિક પરિભાષામાં ભરુચી એવું રૂપાંતર થઇ ગયું, પરંતુ હું માનું છું કે, આ સ્પષ્ટતા પછીથી થયેલી છે. હકીકતમાં મોહનભાઇ અને તેમના પરિવારજનો જે શ્રીગોકુલનાથજીને જ પરમેશ્વર માનતા હતા, તે લોકો ભરુચના રહેવાસી હતા અને આવી માન્યતામાં માનનારા અને તેમને અનુસરનારા બધા જ ભરુચના જ હતા અને તેથી ભરુચી કહેવાય છે. વળી પુષ્ટિસુધા (ગ્રંથભાગ ૪ના ક્રમાંક ૫ના મુખ્ય પાન પર એવી નોંધ છે કે, મૂળ શબ્દ ભરરુચી છે અને ભરરુચી-માર્ગ પ્રકાશમાં આની સ્પષ્ટતા કરવામાં આવી છે પણ મને લાગે છે કે, ભરુચી શબ્દનું સંસ્કૃતિકરણ કરવાનો પછીથી થયેલો એક પ્રયાસમાત્ર છે.

સંદર્ભ નોંધ - ૭ : સરખાવો -

શ્રીમદ્ ગોકુલનાથો-ય: પરમ: પુરુષોત્તમ: ॥
સર્વકર્તુમકર્તુમન્યથા કર્તુમીશ્વર: ॥
- કલ્યાણ ભટ્ટ કલ્લોલ - ૧-૩-૫

- જે જસોદાસુત થયા અને ચારી વ્રજમાંહાં ગાય ॥
તે શ્રીવિઠ્ઠલેશસુત હવા, શ્રીગોકુલરાય ॥
- માધવદાસ : રસકોષ શોભના - ૧૬-૧૪

સંદર્ભ નોંધ - ૮ : સરખાવો - લોકપ્રિય લોકોક્તિ -

શ્રી વલ્લભ કે વંશમેં સબ હી વલ્લભરૂપ ।

સંદર્ભ નોંધ - ૯ : આ એક પ્રાચીન પરંપરા છે. બુદ્ધ પૂજા પ્રણાલિકામાં તેઓ એક કુંભ વગેરે કે જેમાં બુદ્ધના દેહના કોઇ અવશેષ રહ્યો હોય તેને પૂજે છે, કરહલામાં એક પરિવાર છે જેમને ત્યાં શ્રીનાથજીની એક પ્રાચીન પાઘ-મુકુટ છે તેની સેવા-પૂજા કરવામાં આવે છે. જુઓ - વલ્લભીય સુધા - ગ્રંથભાગ ૭(૨) પૃ. ૧૯

પણ સ્વયં ભગવાન ગણે છે. વળી તેઓમાંના કેટલાક શ્રીયમુનાજી (અલબત્ત, કુંજામાં પધરાવે છે) અને તેમનું ભગવાન ગણીને પૂજન કરે છે. તેઓ શ્રીગોકુલનાથજીનો સ્પર્શ પામેલી વસ્તુઓ કે તેમના સંપર્કમાં રહેલી હોય એવી વ્યકિતઓને ભારે પૂજયભાવથી જુએ છે. તેઓને ભગવાન અને પોતાની વચ્ચે કોઇનું માધ્યમ હોવું જરાપણ જચતું નથી. પુષ્ટિમાર્ગના અન્ય અનુયાયીઓ ભગવાનને ઘણીબધી સામગ્રીનો ભોગ ધરાવે છે જયારે ભરુચી વૈષ્ણવો માત્ર એક જ સામગ્રી ધરાવે છે જેને બાકીની અન્ય સામગ્રી સાથે મિશ્રિત કરે છે 'પ્રસાદ' તરીકે. પુષ્ટિમાર્ગીય મંદિરો-હવેલીઓ ઘણું ખરું અષ્ટછાપ કવિઓનાં કીર્તનો ગવાય છે, જયારે ભરુચીઓ શ્રીગોકુલનાથજીના ભકતો-મહદ્ ભકતો જે આપશ્રીના સમકાલિન હતા તેમનાં રચેલાં કીર્તનોનું જ ગાન કરે છે. તેઓ માત્ર શ્રીગોકુલનાથજીના પ્રાકટય દિવસને જ 'મહાન ઉત્સવ' તરીકે ઉજવે છે અને તેમના જન્મ પહેલાંના થોડા મહત્ત્વના ઉત્સવો પણ ઉજવે છે. તેઓ સમૂહમાં ભેગા મળીને શ્રીગોકુલનાથજીના પ્રાકટય દિવસની આગલા દિવસની મધ્યરાત્રિ સુધી જાગરણ કરે છે અને શ્રીગોકુલનાથજીના જીવન અને કાર્યોનું નિરૂપણ કરતાં ધોળ, પદો વગેરે ગાય છે. આ પ્રકારે સમૂહમાં મળી ગાન અને નર્તન વગેરે કરવું એ માત્ર ભરુચીઓમાં જ પ્રચલિત નથી, પણ અન્ય વૈષ્ણવોમાં પણ જોવા મળે છે જે કદાચિત ચૈતન્ય સંપ્રદાય કે જેમાં પદ્ધતિમાં સમૂહગાન કરવાનું સામાન્ય છે તેની અસર પણ હોઇ શકે. તેઓ શ્રીમદ્ વલ્લભાચાર્ય, શ્રીવિઠ્ઠલનાથજી અને શ્રીકૃષ્ણના પ્રાકટયના દિવસો પણ ઉજવે છે અને વળી શ્રીગોકુલનાથજીના મહાન ભકતો, જેવા કે મોહનભાઇ, બહેનજીરાજ અને ગોકુલભાઇના જન્મદિનો પણ ઉજવે છે.

જયારે બાળક બે-એક મહિનાનું થાય ત્યારે ભરુચીઓમાં એવી પરંપરા છે કે, તેના ગળામાં તુલસીની માળા-કંઠી પહેરાવવામાં આવે છે. જેમને 'મર્યાદી' થવું હોય તે એક અથવા બીજા સ્થળે જે તેમની દૃષ્ટિએ પવિત્ર લાગે ત્યાં જઇ દીક્ષામંત્ર લે છે.

ઉપરોકત બાબતથી, આપણને જોવા મળે છે કે, ભરુચીઓ શ્રી ગોકુલનાથજીને એકને જ ભગવાન માને છે અને શ્રીગોકુલનાથજી સાથે સંકળાએલી પ્રત્યેક વસ્તુમાં ભારે ભરોસો - વિશ્વાસ રાખે છે અને તેના પ્રત્યે પૂજયભાવ ધરાવે છે. તેઓની અનન્યતાની ભાવના (માત્ર ભગવાનનો આશ્રય રાખવાની) છે, તે ખરેખર એક મહાન ગુણ છે. ''અનન્યાશ્રય''એ પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો પૈકીનો એક મુખ્ય સિદ્ધાંત છે અને ભરુચીઓમાં તેનું સંપૂર્ણ પાલન કરાતું આપણને જોવા મળે છે. કહેવાય છે કે, તેઓ કેટલીક વેદની આજ્ઞાઓ અને પરંપરાનું પાલન પણ એટલા માટે નથી કરતા કે જેના કારણે તેમની અનન્યતાના વ્રતનો ભંગ થાય. તે એક એવો સુધારાવાદી મત છે, કે જે વૈદિક અને ભૌતિક જગતની પરંપરાઓની સમક્ષ ઝુકવાનો સર્વથા વિરોધ કરે છે. તેમના મતાનુસાર, અનન્યતાનો અર્થ ''ભારે ઉત્કટતાભર્યો'' છે. કૃષ્ણલીલાના સ્વરૂપની બાબતમાં જો કોઇને એક લીલા સ્વરૂપમાં શ્રદ્ધા હોય તો તેણે બીજા લીલા સ્વરૂપની સેવા-પૂજા કરવી જોઇએ નહીં.[૧૦] તદ્દુપરાંત જુદા જુદા ભકતો જુદા જુદા ભાવ સાથે સેવા (પૂજા) કરતા હોય છે અને તેઓ (મર્યાદીઓ) પોતાના સેવ્ય સ્વરૂપને ધરાયેલ ભોજન-સામગ્રી તથા જલનેજ ગ્રહણ કરે છે કે લેતા હોય છે. કારણ કે ભરુચીઓ શ્રીગોકુલનાથજીમાં જ માને છે, તેથી પુષ્ટિમાર્ગીય સમાજમાં તેઓની ભારે નિંદા થતી હોય છે. કહેવાય છે કે, તેમની સેવા-પૂજાની રીત અને માન્યતાઓમાં એટલી બધી ભિન્નતા જોવા મળે છે કે, સેવા-પૂજાની પ્રણાલિકાથી તદ્દન વિરુદ્ધના હોવાનું જણાય છે. આ બાબતમાં સંપ્રદાય-કલ્પદ્રુમમાં એક દંતકથાનો ઉલ્લેખ

સંદર્ભ નોંધ - ૧૦ : સરખાવો - ''જે લીલાભેદે સ્વરૂપભેદ થાય છે. વ્રજસ્થિતલીલાએ રાસરમણ કીધૂં તે શુદ્ધ પુરુષોત્તમને શુદ્ધ રાસલીલા, ને ગોચારણ લીલા કીધી તે સ્વરૂપ ભિન્ન, દૈત્યમારણ લીલા કીધી તે સ્વરુપ ભિન્ન, મધુરાં લીલા કીધી તે સ્વરૂપ ભિન્ન, સ્વરૂપ તો એક જ પણ મથુરા ગયા ત્યારે સ્વરૂપ ભિન્ન થયું એ લીલા ભેદે સ્વરૂપ બદલાયું ન હોય તો મુખ્ય ભકત મથુરાં કાં ન ગયા ? . . .લીલાત્મક સ્વરૂપ હૃદયારુઢ થાય ત્યારે સ્વરૂપ ભેદનો અન્યાશ્રય થયો કે નહિ ? ''-

ગોપાલદાસ કૃત તત્ત્વાર્થદોહન - અનુગ્રહ ગ્રંથભાગ -૧૪મો ૧૧-૧૨ પૃ.-૪૨૬-૨૭

છે કે, શ્રીવિઠ્ઠલનાથજી ભગવાનની સેવામાં કાર્યરત હતા જયારે તેમને શ્રીગોકુલનાથજીનું પ્રાકટય થયાની જાણ થઇ હતી. આથી, આપશ્રીને નિયમાનુસાર છોવાઇ ગયાનો દોષ લાગ્યો અને ભગવાનની સેવાથી વંચિત રહેવું પડયું. તેથી આપશ્રીના મુખથી શાપરૂપ એવા શબ્દો નીકળી ગયા કે તેના (એટલે કે શ્રીગોકુલનાથજીના) અનુયાયીઓ પુષ્ટિમાર્ગીય સેવા-પૂજાની રીતિથી બહિર્મુખ થશે.[૧૧] પરંતુ આ અહેવાલનો વિઠ્ઠલનાથજીના ચરિત્ર સાથે મેળ મળતો નથી અને ઐતિહાસિક દૃષ્ટિએ તે[૧૨] અસત્ય અને દ્વેષભાવથી ભરેલો લાગે છે. એ સાચું કે, ભરુચીઓ પુષ્ટિમાર્ગની બધી જ પરંપરાનું અનુસરણ કરતા નથી, પરંતુ એમ કહેવું કે તેઓનો પુષ્ટિમાર્ગમાં સમાવેશ થઇ શકે નહિ એ સર્વથા ખોટું છે.

બધા જ ભરુચી એક જ સ્થળે અથવા ધામમાં દીક્ષા લેતા નથી. કેટલાક ભરુચમાં, કેટલાક વલ્લભઘાટ (ગોકુલ)માં, કેટલાક દેવગઢ બારીઆમાં તો વળી કેટલાક બાધલપુરમાં દીક્ષામંત્ર લે છે. કહેવાય છે કે થોડાક લોકો જે સ્થળે મોટાભાઇ ગોકુલની બાજુમાં છે ત્યાં ધ્યાન ધરી બેઠા હતા તે સ્થળે જઇને દીક્ષામંત્ર લે છે. શ્રી મોટાભાઇ શ્રીગોકુલનાથજીના અંતરંગ અનુયાયી હતા. વળી બીજા કેટલાક લોકો ગોધરા કે જયાં મોટાભાઇનો માફો (ગાડું) રાખવામાં આવ્યું છે, ત્યાં જઇને માર્ગની દીક્ષા ગ્રહણ કરે છે. વધુમાં કેટલાક ભરુચીઓ કપડવંજમાં આવેલું બહેનજીરાજાના પવિત્ર મંદિરમાં માર્ગદીક્ષા લેવા જાય છે. તે બધા જ શ્રી ગોકુલનાથજીને ભગવાન માને છે અને ઉપર જણાવ્યું છે તે મુજબ જૂના વખતના ભરુચીઓના બનાવેલાં ભજન-કીર્તનો ગાય છે.

શ્રીગોકુલનાથજીના અનુયાયીઓમાં બીજો એક વૈષ્ણવોનો સમૂહ છે જે મથુરાના ગોસ્વામી શ્રી રમણલાલજી (પ્રાકટય વિ.સં. ૧૯૦૪)ને અનુસરે છે. તેમણે અને તેમના અનુયાયીઓએ ભરુચીઓની પરંપરાનો સ્વીકાર કર્યો છે, પરંતુ તેઓ શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીને પણ ભગવત્ સ્વરૂપ માને છે. કહેવાય છે કે, તે લોકો નિવેદન મંત્રને અંતે "વલ્લભ તવાસ્મિ" એ શબ્દો બોલે છે. અને શ્રીગોકુલનાથજીના મહાન ભકતો જેવા કે રતનબાઇનું તે વખતે સ્મરણ કરે છે. વળી ચતુર્થ ગૃહના બીજા કેટલાક અનુયાયીઓ ગોસ્વામી શ્રી કનૈયાલાલજી ઉર્ફે વિઠ્ઠલેશજી (પ્રાકટય ૧૯૨૫ વિ.સં.) જેઓ શ્રી રમણલાલજીના પુત્રોમાંના એક હતા અને જેને ગોકુલની ગાદીએ દત્તક લીધા હતા તેને ભગવત્ સ્વરૂપ માને છે.

શ્રીગોકુલનાથજીના અનુયાયીઓમાં બીજા કેટલાક એવા પણ છે જે શ્રીમદ્ વલ્લભાચાર્યમાં માને છે અને તેમને પરમેશ્વર ગણે છે. હરિરાયજી કે જેનો દીક્ષાવિધિ શ્રીગોકુલનાથજીએ કર્યો હતો તેમણે શ્રીગોકુલનાથજીની સારી એવી સ્તુતિ, સ્તોત્રો લખ્યાં તેમાં કરી હતી, પરંતુ તેમણે શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની પણ સાથોસાથ ભારે સ્તુતિ કરી હતી. વધુમાં શ્રીગોકુલનાથજીએ સ્વયં સર્વોત્તમસ્તોત્રની બડી ટીકામાં એવું લખ્યું છે કે, તેમના શિષ્યો તેમને ભલે પુરુષોત્તમ ગણે, પરંતુ તેઓ શ્રીમદ્ વલ્લભાચાર્યને પ્રસન્ન કરી શકશે નહિ, અને આ પરિસ્થિતિને ભગવદ્

સંદર્ભ નોંધ - ૧૧ : સરખાવો - " લાડીલેશ શૃંગાર મથિ કિય વિચ્છેદ જુ આન ।
સૃષ્ટિ બહિર્મુખતા દઇ વિઠલેશ નૃપમાંન ।"
- સંપ્રદાય-કલ્પદ્રુમ-પૃ.-૬૩

સંદર્ભ નોંધ - ૧૨ : સંપ્રદાય-
કલ્પદ્રુમ કહે છે કે, શ્રીગોકુલનાથજીના પ્રાકટય વખતે શ્રીવિઠ્ઠલનાથજી ચરણાટમાં હતા. સજ્જન મંડન જે વિ.સં.-૧૬૮૩માં લખાયેલું છે તે કહે છે કે તેઓ ગિરિરાજમાં હતા. સંપ્રદાય કલ્પદ્રુમ વિ.સં.-૧૭૨૯માં લખાયું હતું એટલે પહેલું લખાયેલ સજ્જન મંડન વિશેષ શ્રદ્ધેય છે. વૃંદાવનદાસ પણ એક પદમાં લખે છે -
" જા કે લિયે શ્રીગોવર્ધન આયે તાકી નિધિ ઘર બૈઠે આઇ ।"

ઇચ્છા[૧૩] તેઓ કહેતા - ગણતા. આથી એમ લાગે છે કે, શ્રીગોકુલનાથજીને પરમેશ્વર-પુરુષોત્તમ તરીકે પૂજાવું ગમતું નહોતું. શું એવું બન્યું હશે કે, આપશ્રીના કેટલાક અનુયાયીઓને કંઇક એવી આધ્યાત્મિક અનુભૂતિ થઇ હોય અને તેથી તેઓ આપશ્રીને પરમેશ્વર-પુરુષોત્તમ માની પૂજવા લાગ્યા હોય ? એ પણ સંભવિત છે કે, શ્રીવિઠ્ઠલનાથજી આપના વિશે ઉચ્ચ અભિપ્રાય ધરાવતા હતા એ કારણે હોય અને બધા જ વૈષ્ણવો આપને ભારે ચાહતા હતા - વખાણતા હતા તે કારણે અને આપશ્રી માલા-પ્રસંગમાં ગર્વભેર ખરા ઉતર્યા હતા એ કારણે વૈષ્ણવો આપને પરમેશ્વર-પુરુષોત્તમ માનવા લાગ્યા હોય.

દીક્ષામંત્રની બાબતમાં, કહેવાય છે કે, શ્રીગોકુલનાથજી ચાર રીતને માન્યતા પ્રદાન કરે છે : સ્વપ્ન દ્વારા, ગોસ્વામી દ્વારા, ગોસ્વામીના કે ભકતના પત્ર દ્વારા શ્રીગોકુલનાથજી આ બાબતમાં હઠાગ્રહી નહોતા. આપશ્રીએ બીજીવાર દીક્ષામંત્ર ગ્રહણ કરવાની બાબતને પણ સ્વીકાર્ય ગણી છે, જો તેની આવશ્યકતા આધ્યાત્મિક દૃષ્ટિએ જણાય તો.[૧૪] ઉપરોકત જે વિકલ્પ પદ્ધતિઓ છે તે માટે ભેલસાનો પત્ર ટાંકવામાં આવે છે, પરંતુ અગાઉ પ્રકરણ -૩ (ઇ) માં કહયા મુજબ તે પત્ર નામ-મંત્રની વિધિનો જ ઉલ્લેખ કરે છે. પરંતુ શ્રીગોકુલનાથજીના એવાં વચનામૃતો છે જેમાં આપશ્રીએ કહ્યું છે કે ભક્ત દ્વારા પણ મંત્ર-દીક્ષા દઇ શકાય.[૧૫] પત્ર દ્વારા દીક્ષા-મંત્ર આપવાનો કિસ્સો ગોવિંદદાસ ચીપાડિયાની પુત્રીનો છે જેને શ્રીગોકુલનાથજીના પત્ર દ્વારા દીક્ષામંત્ર આપવામાં આવ્યો હતો.[૧૬]

(૫) ભરુચીઓનું સાહિત્ય :

શ્રીગોકુલનાથજી નિત્યલીલામાં પધાર્યા પછી, આપશ્રીના કેટલાક ભકતો, વિરહના થયેલાં દુઃખને કારણે અવસાન પામ્યા હતા.[૧૭] લોકોમાં તેઓ ૭૮ ભગવદીયોના નામે ઓળખાય છે. પરંતુ એવા બીજા ઘણા ભકતો હતા જેઓ ત્યાર પછી જીવતા રહયા હતા અને પોતાનાં શેષ જીવનમાં તે બધાએ શ્રીગોકુલનાથજીનાં સ્તુતિ-ગાન કરીને પોતાનાં જીવન ગુજાર્યાં હતાં. તે બધામાં કલ્યાણ ભટ્ટ, ગોપાલદાસ, ગોકુલભાઇ, વલ્લભભાઇ અને બીજા કેટલાક

સંદર્ભ નોંધ - ૧૩ : સરખાવો -
"તદુકતપ્રકારાતિરિકતાચરણે સર્વથૈવ માર્ગાદ્ ભ્રશ્યતે ન તત્ર સંદેહઃ। યથાસ્મથીયાઃ માં પુરુષોત્તમ નિશ્ચિત્ય ભજન્તિ (તે) તેન કિં પ્રકટિત શુદ્ધભકિતમાર્ગાચાર્યાણાં પ્રસન્નતા સિધ્યતિ। ન કદાપીત્યર્થઃ। એતેષામાગ્રહવિષયે ભગવદિચ્છૈવ (ચ્છાયા એવ) નિયામકત્વાદરુસ્માકમપ્યાગ્રહો નાસ્તિ દુષ્ટાગ્રહવતાં સ્વભાવ પરાવૃતો ।" - પોરબંદર હસ્તપ્રત - પૃ. ૨૬૪

સંદર્ભ નોંધ - ૧૪ : જુઓ - વલ્લભીયસુધા - ગ્રંથભાગ - ૮ (૨) પૃ. ૧૬ - વચનામૃત - ૨૧૮

સંદર્ભ નોંધ - ૧૫ : કહેવાય છે કે, મોહનભાઇને ભગવત્ સ્વરૂપની સન્મુખ દીક્ષા-મંત્રનો વિધિ કરવા દેવામાં આવ્યો હતો.
જુઓ-
ભરુચીઓમાં પ્રસિદ્ધ નીચે દર્શાવેલી પંકિતઓ :-
". . . મોહનભાઇ તેડયા ત્યાં હિ ॥ ૪ ॥ તુમ્હારી સંતતિકુ નિવેદન કરવાઓ આંહી ॥ આજ્ઞા બ્રહ્મસંબંધની પ્રભુજીએ દીધી તે ત્યાંહી ॥ ૫ ॥"
". . . સેવ્ય સ્વરૂપની આગલ રહી નિવેદન કરશે જે કોઇ । અંગીકાર સાક્ષાત્ કરુંગો એમાંહાં સંદેહ કહયું નાહી ॥ ૧૪ ॥"

સંદર્ભ નોંધ - ૧૬ : સરખાવો -
"જો પત્ર લૈ આવો, પત્રેં નિવેદન કરવાઓ ।" વલ્લભીયસુધા - ગ્રંથભાગ -૧(૩) પૃ-૩
વચનામૃત ક્રમાંક ૧૯ પણ જુઓ - "સ્વરુપ રસાવલિ, મંગલ-૧૨, શ્લોક ૧૧૫ - અનુગ્રહ ગ્રંથભાગ ૧૩ ક્રમાંક - ૧૧ ૧૨, પૃ. ૧૦

સંદર્ભ નોંધ - ૧૭ : જુઓ - પરિશિષ્ટ ક્રમાંક ૪

અગત્યનાં સ્થાન ધરાવે છે. તે લોકોએ સારું એવું સાહિત્ય સર્જન કર્યું છે જેની શ્લોક સંખ્યા લગભગ ત્રણેક લાખની થાય છે.[૧૮] કલ્યાણ ભટ્ટે કલ્લોલ (એટલે કે - ગોકુલેશ લીલા સુધા સિંધુ કલ્લોલના) ૧૫ ગ્રંથો લખ્યા છે જેની સંસ્કૃત શ્લોકોની સંખ્યા ૪૦,૦૦૦ ની છે જેમાં શ્રીગોકુલનાથજીનું ચરિત્ર નિરૂપણ વિગતે કરવામાં આવ્યું છે. તેણે ગીતા પર પણ 'રસિકરંજની' નામક ટીકા લખી છે. ગોપાલદાસે 'પાંચ-તરંગ', 'સ્વરૂપ રસાવલિ', 'તત્ત્વાર્થદોહન' ની રચનાઓ ગુજરાતીમાં કરી હતી. માધવદાસે 'સજજન મંડન', 'વલ્લભગીત' સંસ્કૃતભાષામાં અને 'રસકોશ', 'રસસિંધુ', 'ગૂઢરસ' વગેરે ગુજરાતી ભાષામાં લખી હતી. ગોકુલભાઇ લિખિત 'સ્વરૂપાનુભવ ઓચ્છવ' માં શ્રીગોકુલનાથજીના પ્રાકટ્યદિનોના વિક્રમ સંવત ૧૬૯૨ થી ૧૬૯૭ વચ્ચે યોજાયેલા મહોત્સવોનું વિગતે નિરૂપણ થયું જોવા મળે છે. આ રચનાઓ, શ્રીગોકુલનાથજીના જીવન પ્રસંગોનુ વિગતસભર અને ભારે ભકિતભાવપૂર્વક નિરૂપણ કરે છે. વિક્રમની ૧૮મી અને ૧૯મી સદીમાં એવા પણ કેટલાક ભકતો છે જેમણે શ્રીગોકુલનાથજી વિશે લખ્યું છે. આમ પછીથી લખાયેલી રચનાઓમાં મોટાભાઇ કૃત 'મોહન વિપ્રયોગ' નામક રચના મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ બધી ગ્રંથ-રચનાઓ વાસ્તવમાં શ્રીગોકુલનાથજી પ્રત્યેના ઉત્કટ પ્રેમની અભિવ્યકિતરૂપ છે. આમાં એવી પણ કેટલીક રચનાઓ છે જેમાં ચમત્કારિક વાતોનો પૂર્ણ સભાનતાપૂર્વક સમાવેશ થયો જોવા મળે છે અને છતાં ચુસ્તભકતોને મન તે સર્વથા સાચી અને શ્રદ્ધેય વાતો છે. આવી જ વિશિષ્ટ પરિસ્થિતિ ચૈતન્ય મહાપ્રભુના વિશેના સાહિત્યમાં થયેલી જોવા મળે છે. ભરુચીઓના આ સાહિત્યમાં સામાન્ય માણસ કે બુદ્ધિજીવી વ્યકિતને સાહિત્ય-આસ્વાદની દૃષ્ટિએ કે કાવ્યત્વની દૃષ્ટિ કે અન્ય ગુણોની દૃષ્ટિએ કશું જ જોવા મળશે નહિ. અને તેને તો એવું લાગશે કે આ અંધ-અનુયાયીઓનુ અંધ શ્રદ્ધાવાળુ અર્થહીન પ્રલાપ અને બકવાસભર્યું લાગશે , તેમ છતાં એક વાત નિશ્ચિત જણાય છે કે, આ બધી રચનાઓ હેઠળ તેના સર્જકોની શ્રીગોકુલનાથજી પ્રત્યેની વિશુદ્ધ ભકિત અને નિષ્કામ પ્રેમની ભાવના રહેલી છે. આ બાબતને કોઇ નકારી શકે નહી.

શ્રીગોકુલનાથજીના અનુયાયીઓ રચિત આ સાહિત્ય ઘણુંખરું વિક્રમ સંવત ૧૬૬૦ અને ૧૭૬૦ ની વચ્ચેનું છે અને ઐતિહાસિક તેમજ સામાજિક અને ભૌગોલિક દૃષ્ટિથી અત્યંત ઉપયોગી છે.

શ્રીગોકુલનાથજીના મહાન ભકતો-શિષ્યોમાં મોહનભાઇ, ગોકુલભાઇ, વલ્લભભાઇ અને અન્ય હતા, તે બધા જ ભરુચ નિવાસી હતા. શ્રીગોકુલનાથજીને મોહનભાઇ માટે ભારે પ્રેમ હતો અને તેમને પોતાનું જ બીજું સ્વરૂપ માનતા હતા. મોહનભાઇ આગ્રામાં ઘણુંખરું રહેતા અને ખૂબ જ ધન કમાયા હતા અને શ્રીગોકુલનાથજીની સેવામાં તેમણે પોતાનું બધું જ ધન, ગોકુલમાં રહેતા પોતાના કાકા ગોકુલભાઇ મારફત ખર્ચી નાખ્યુ હતુ. આજે ભરુચીઓ જે સેવા પ્રકારને અનુસરે છે તે ગોકુલભાઇએ બતાવ્યો હતો અને ગોકુલ ખાતેની મૂળ બેઠકમાં આ સેવા-પ્રકારની રીતિને વલ્લભભાઇએ કાર્યરત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

શ્રીગોકુલનાથજીના બીજા એક ભકત હતા વજેરામ જે મોટાભાઇના નામે પણ ઓળખાતા (આશરે ૧૭૬૦ વિક્રમ સંવત) હતા. તેમને શ્રીગોકુલનાથજીની દર્શન અનુભૂતિ થઇ હતી અને તેમણે આપશ્રી તથા આપશ્રીના ભકતો વિશે કવિતા-પદો લખ્યાં હતાં. આપશ્રીના સ્ત્રી-ભકતોમાંની મહાન સ્ત્રી-ભકતો હતી રતનબાઇ, રૂપાબાઇ, ફૂલકુંવર, રાજકુંવર, સેજબાઇ, વીરબાઇ, ગોમતીબહેન, જવાંજી માનાજી (ધ્રોળની રાણીઓ) વગેરે. રતનબાઇ શ્રીગોકુલનાથજીની

સંદર્ભ નોંધ - ૧૮ : જુઓ - પરિશિષ્ટ ક્રમાંક ૮

સમકાલિન હતી અને કહેવાય છે કે, તેને કેટલાક ભગવદનુભવો થયા હતા. તેને હવે બહેનજીરાજ કહેવામાં આવે છે અને તેના જન્મ સ્થળમાં શ્રીગોકુલનાથજીની મહાન ભકત તરીકે તે પૂજાય છે. રૂપાબાઇ અને અન્ય સૌને પણ શ્રીગોકુલનાથજી પ્રત્યે અનન્યભાવ હતો. તેમની વિજ્ઞપ્તિઓ અને લખેલા પત્રોમાં તેની પ્રતીતિ થાય છે.[19]

ભરુચીઓની તેમની પોતાની સૃષ્ટિની સરચનાની આગવી સિદ્ધાતાવલી છે. તદનુસાર, પરમેશ્વર પુરુષોત્તમનું મુખ્ય ધામ ગોલોક કે નિત્ય લીલાધામ છે જયાં તેઓ શાશ્વત રમણ કરે છે. તે પરમેશ્વર પુરુષોત્તમ લીલા-સ્વરૂપ ધારણ કરે છે અને રમણ કરવાની ઇચ્છા કરે છે. તેઓ પ્રકૃતિ અને પુરુષરૂપે નિજનો વિસ્તાર કરે છે. પ્રકૃતિ એ મુખ્ય સ્વામિનીજી છે અને પુરુષ શ્રીગોકુલનાથજી છે. ભગવાન - પરમેશ્વર તો એક અને અદ્વિતીય છે, પરંતુ દ્વૈત હોવાનો ભાસ થાય છે જેવી રીતે ચંદ્ર અને તેનો પ્રકાશ - ચંદ્રિકા એક જ હોવા છતાં બન્ને જુદાં દેખાય છે. ભગવાનની ૧૨ શકિત કહેવાય છે. કૃપા શકિત, ઇચ્છા શકિત, આનંદ શકિત, કાર્ય શકિત, જ્ઞાન શકિત, ભકિત શકિત, લીલા શકિત, આધારશકિત, કીર્તિશકિત, કાંતિશકિત, અવ્યકતશકિત અને યમુના શકિત. આ સર્વ શકિતઓ વડે ભગવાન નિજનો આ સૃષ્ટિમાં વિસ્તાર કરે છે તથા રમણ કર્યા કરે છે. સામાન્ય જીવોને માટે આ બાર શકિતઓ પૈકી કેટલીક શકિતઓ પણ આ જગતમાં અવતરે છે એવું કહેવાય છે. ઉદાહરણ લેખે એવું કહેવાય છે કે, મોહનભાઇ, રતનબાઇ, ગોપાલદાસ અને ગોકુલભાઇ એ સર્વ અનુક્રમે કૃપા શકિત, આનંદ શકિત, જ્ઞાન-શકિત અને ઇચ્છા શકિતના સાક્ષાત્ અવતાર છે.[20] ભગવાનને શ્રીમદ્ વલ્લભાચાર્યમાં વિશુદ્ધ ભકિતમાર્ગના પ્રસારક-પ્રવર્તક થવાની શકિત-ક્ષમતા હોવાની પ્રતીતિ થઇ અને તેથી આપશ્રીને ભગવાને આ જગતમાં અવતરણ કરવાની આજ્ઞા કરી.[21] આપશ્રી

સંદર્ભ નોંધ - ૧૯ : (૧) . . . . આપડા મનનું મંડાણ, આપણું અંતરધાન, બાહાલોજી, પ્રીતમજી, . . . હૈડાનો હારજી નેત્રનું ભૂષણજી. . . . .હેનાં આવારે અહમો તાવડામાંહાં ભુજઉ છું રે । અદાભાઇ એ ધણીનૌ ઘરથકિ સ્વભાવ છે, જે કે હેનિયે જારત પને નહીં, ને અહમારી વેલા કાંહાં ઢીલ કરે ।

- જવાજી અને માનાજીનો શ્રીગોકુલનાથજી ને સંબોધી લખેલા અપ્રકાશિત પત્રમાંથી -

(૨) ". . . . . સિરસાટે મલ્યો સોહિલો મનનો ગમતો રે નાહ,
કોટિ કમલ કરું નૌછાવરિ અધિક અધિક મન ચાહ ।
. . . . .વિરહ અસહ્ય વિરાગનો, તે કાંઇ કહતો ન જાય ।
. . . . રસના તરંગ પ્રગટ હવા, બાંધ્યાં પ્રેમનાં પુર ।"
- સેજબાઇ (અનુગ્રહ - ગ્રંથભાગ - ૨૦ (૨) - પૃ.૨૨)

(૩) "જયારે સંભારું વહાલાજિનાં રુપને રે,
ભૂપને રે જીવા માહારું મન તપે એ ।
મન તપે રે પણ કાજ ન થાએ રે,
ન જાયે રે પ્રાણ તે માહારા સું કહું એ ।"
- રૂપાંબાઈ - (અનુગ્રહ - ગ્રંથભાગ ૨૦(૬) પૃ. ૨૭

બીજાની વીનતીઓ માટે પુષ્ટિસુધા અને અનુગ્રહના સામયિકો

સંદર્ભ નોંધ - ૨૦ : જુઓ - "મોહન વિપ્રયોગરસ રસાવિધ ગ્રંથ" જેના વિશેની માહિતી અનુગ્રહ - ગ્રંથભાગ- ૨૧(૧૧) પૃ.૭ પર આપી છે. વળી જુઓ - 'ગોકુલેશાખ્યાન' શ્રી રમણલાલજી મહારાજ કૃત.

સંદર્ભ નોંધ - ૨૧ : સરખાવો - "સ્વમુખરુપી શ્રી આચાર્યનિ માંહાં યે સમર્થ જાણી,
તહમો જડય ભૂતલ પ્રગટો એમ બોલ્યા મધુર વાણી" ૧૬૬
"પુષ્ટપુષ્ટ પરમ સ્નેહભર ભકિતમાં રંગ પ્રગટાયો" - ૧૬૭
- પ્રાગટય સિદ્ધાંત મંગલ - ૨ (અનુગ્રહ - ગ્રંથભાગ - ૨૫(૪) - પૃ. ૮૪
૪૩૬ અને ૪૩૭ અજાણતામાં આપેલાં નથી.

(એટલે કે પરમેશ્વર પરષોત્તમે) આ જગતમાં અવતરણ સ્વયં કર્યું અને આપશ્રીનો તેની પાછળનો હેતુ હતો, આ જગતમાં રસમાર્ગ કે સ્નેહમાર્ગ રૂપ વિશુદ્ધ પ્રસાર કરવાનો અને તે પ્રકારે કરીને નિજ અનુયાયીઓને પુષ્ટિમાર્ગનું ફલ પ્રદાન કરવાનો હતો. શ્રીગોકુલનાથજીનાં પ્રાદુર્ભાવના ૩૧ જેટલાં કારણો ભાવ-ભાવના નામક હસ્તપ્રત (જુઓ પૃ. ૫૪ થી ૫૭) માં જે મોડાસાના શ્રી કન્હૈયાપ્રભુના પુસ્તકાલયમાં છે તેમાં નિર્દિષ્ટ કરેલાં જોવા મળે છે. શ્રીગોકુલનાથજીના કાશ્મીરના યાત્રા-પ્રવાસ અંગે કહેવાય છે કે, કૃપા શકિતએ આપશ્રીને (શ્રીગોકુલનાથજીને) વિનંતી કરી હતી કે આપશ્રીએ ત્યાં વસતા દૈવીજીવોના ઉદ્ધારાર્થે પધારવું જોઇએ અને તેથી શ્રીગોકુલનાથજી સરસ્વતી નદીને ઓળંગીને કાશ્મીર પધાર્યા હતા. જહાંગીર બાદશાહને મળવા જવું એ તો એક બાહ્ય કારણ હતું. આ વસ્તુ જો કે ઘણી કલ્પનાતીત જણાય છે.

આ રીતે, ભરુચી શિષ્યો શ્રીગોકુલનાથજીના છે તેમણે એક સંપ્રદાયની અંદર રહીને પોતાની વિશિષ્ટ સેવા-પૂજા કરવાની રીતિની સ્થાપના કરી અને શ્રીગોકુલનાથજીના સર્વોચ્ચપણામાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતી એવી અલગ અસ્તિત્વ ધરાવતી ધાર્મિક પદ્ધતિનું નિર્માણ કર્યું.[૨૨] અન્ય ભકતો (એટલે કે નિમાડીઆ)ને ધાર્મિક મહોત્સવની ઉજવણીમાં તેમની સંગાથમાં રહેવામાં કશું જ વિરોધ કરવા જેવું લાગતું નથી, કારણ કે આખરે તો એ સર્વ એક જ સંપ્રદાય એટલે પુષ્ટિમાર્ગના જ અનુયાયીઓ છે.

(૬) પુષ્ટિમાર્ગીય જીવન-પ્રણાલી

અત્રે પુષ્ટિમાર્ગીય જીવન-પ્રણાલી અને આદર્શ જીવન-જીવવાની મૂળભૂત જે વિચારસરણી ઉદ્‌ભવેલી તેને અનુસરવા બાબત થોડુંક લખવાની આવશ્યકતા જણાય છે. સામાન્ય રીતે, પુષ્ટિમાર્ગીયે વહેલી સવારે-પરોઢમાં નિદ્રા ત્યજીને જાગી જવું જોઇએ. ત્યારબાદ દૈનિક ભૌતિક કાર્યો (જેવાં કે જાજરૂ જવું, દાતણથી દાંત સાફ કરવા વગેરે) પતાવીને સ્નાન કરી અસ્પૃશ્ય અપરસમાં પહેરીને યોગ્ય ભગવદ્‌ભાવ[૨૩] સાથે નિયત સેવા નિયમોને અનુસરીને ભગવાનની પૂજા કરવી જોઇએ જે કર્તવ્યકર્મની તેની પાસેથી અપેક્ષા રખાય છે. આ કર્યા બાદ તેણે ભગવાનને સમર્પિત કરેલી અન્ન-સામગ્રીને ભોજન-પ્રસાદ તરીકે લેવાની રહે છે. આ સેવા-રીતિમાં ઘણી બધી ક્રિયાઓ કરવાની થાય છે, અને સમસ્ત ભકત પરિવાર - કુટુંબીજનોને સોંપવામાં આવેલી સેવા-કામગીરી બજાવવાની હોય છે. આ પ્રકારે કુટુંબના બધા જ સદસ્યોને ભગવાનની સેવા કરવામાં કાર્યરત કરવામાં આવે છે. પુષ્ટિમાર્ગીય જીવન-પ્રણાલીમાં શ્રમના કાર્યો (જેમાં પાણી-જલ લાવવું, રસોઇની સામગ્રી તૈયાર કરવી- સિદ્ધ કરવી, ઝાડુથી સફાઇ કરવી - બુહારી કરવું ઇત્યાદિ) જે ભગવત્ સંબંધી કે સેવાને લગતાં હોય તે બધાં જ કાર્યો, જે તે વ્યકિતનો કુટુંબ કે સમાજમાં જે કંઇ હોદ્દો હોય તેને ધ્યાને લીધા વિના કરવાના થાય છે. આના પછી બપોરના અને સાંજે, ભકતે-સેવકે પોતાના ગૃહનાં કાર્યો અને આજીવિકા રળવા માટે કરવાં અને કથા-પુરાણ-શાસ્ત્રો વાંચવાં એવી આજ્ઞા કરવામાં આવી છે. ત્યારબાદ, સાંજે ફરીથી ભગવાનની સેવા ભકતે કરવી એવો નિર્દેશ છે. રાત્રિ-ભોજન-પ્રસાદ લીધા પછી, કુટુંબના સભ્યો સાથે બેસીને ભગવદ્ વાર્તાઓ અને અન્ય શાસ્ત્રોનું શ્રવણ કરે છે. આને નામ-સેવા કહેવામાં આવે છે અને તેની શ્રીગોકુલનાથજીએ ખાસ ભારપૂર્વક આજ્ઞા કરી છે, કારણ કે ભગવદ્ ભાવમાં દઢતા શાસ્ત્રો-પુરાણોનાં વાંચન અને સંવાદ દ્વારા જ પ્રાપ્ત થઇ શકે છે.

સંદર્ભ નોંધ - ૨૨ : ભરુચી ઉપ-સંપ્રદાય અને તેના મુખ્ય આધારો (તેના લેખકો અને મહાન ભકતો) વિશે ગણનાપાત્ર એવું સાહિત્ય ઉપલબ્ધ છે અને તેનું અલગ વિષય તરીકે અધ્યયન થવું આવશ્યક જણાય છે. મેં તો મને પ્રાપ્ત થયેલી માહિતીના આધારે તેની રૂપરેખા માત્ર આપી છે.

સંદર્ભ નોંધ - ૨૩ : જુઓ - પ્રકરણ ૩ (ક) વિગતો માટે.

આ જીવન-પદ્ધતિને આજે 'મર્યાદી વૈષ્ણવ' ની કહેવામાં આવે છે. પરંતુ આ પદ્ધતિનું આટલું ઝીણવટભર્યું પાલન કરવાનું બધા જ વૈષ્ણવો માટે શકય હોતું'નથી. આથી તેમાંના કેટલાક, માત્ર નામ-સેવા કરે છે, કેટલાક સેવા-પૂજા માત્ર સવારે કરે છે, મંદિરમાં દર્શન કરવા જાય છે અને રાત્રે કથા-વાર્તાનું વાંચન કરે છે. બીજા કેટલાક લોકો વિવિધ સેવા-કાર્યો (જેવાં કે, મંદિરમાં બુહારી-સફાઇ કરે છે, ભગવાન માટે ફલ-માલા ગૂંથે છે, અનાજ સાફ કરે છે - વીણે છે) ઇત્યાદિ જાહેર કે અંગત માલિકીના પુષ્ટિમાર્ગીય મંદિરોમાં જઇને કરે છે. આ પુષ્ટિમાર્ગીય જીવન-પ્રણાલીનો સર્વોચ્ચ હેતુ છે વ્યકિત પોતાની જાતને ભગવત્ સેવા અને સ્મરણમાં કાર્યરત સદૈવ રહે અને એ જ તો જીવનનું મુખ્ય લક્ષ્ય છે. સાર્થકતા છે. આટલું પણ કરવાને અસમર્થ હોય તેવી વ્યકિતઓ કેટલાંક સ્તોત્રોનું પઠન-પાઠન કરે છે અને ભગવદ્ નામની પાંચ કે તેથી વધુ એવી માળા ફેરવે છે. પરંતુ આ આદર્શ સ્થિતિ નથી. વાસ્તવમાં આદર્શ સ્થિતિ એ છે કે, ભગવાનનું સેવ્ય સ્વરૂપને ઘરમાં પધરાવવું અને તેની બધી જ સેવા-પૂજા સ્વામિનીજીના પ્રેમભાવથી સૂક્ષ્માતિસૂક્ષ્મરૂપે સર્વથા કરવી.

પ્રકરણ - ૫

મૂલ્યાંકન

(૧) પ્રાવેશિક : આ પહેલાંના પાનાંઓમાં આપણે શ્રીગોકુલનાથજી કૃત સાહિત્ય-સામગ્રીનું મૂલ્યાંકન કરેલું છે. આથી એક સહજ પ્રશ્ન ઉપસ્થિત થાય કે, શ્રીગોકુલનાથજીનું શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન અને ધર્મ પરત્વેનું યોગદાન કે પ્રદાન શું હતું ? હવે પછીના થોડાંક પાનાંઓમાં આપશ્રીના ઉપદેશો અને પ્રદાનનું મૂલ્યાંકન કરવા પ્રયાસ કરીશું. સંસ્કૃત ભાષામાં, આપશ્રીએ શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની ગ્રંથ-રચનાઓ પર અને શ્રીમદ્ ભાગવત અને સુબોધિનીજીના કેટલાક અંશ-ભાગો પર માત્ર ટીકાઓ લખી હતી. વિજ્ઞપ્તિ સિવાય, આપશ્રીનું કોઇ મૌલિક કહેવાય એવું પ્રદાન જોવા મળતું નથી. આશ્ચર્યની વાત લાગે એવી બાબત તો એ છે કે, આપશ્રીએ શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનનું વિશુદ્ધ નિરૂપણ કરતું હોય એવું એક પણ પુસ્તક લખ્યું નથી. આ સંદર્ભમાં એમ કહેવું પડે કે, શુદ્ધાદ્વૈત મતના સિદ્ધાંતનું તેના ધાર્મિક અને તત્ત્વજ્ઞાન સહિતનું સંપૂર્ણ નિરૂપણ શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીએ જ કર્યું હતું. આથી શ્રીગોકુલનાથજીએ શ્રીમદ્ વલ્લભ અને શ્રી વિઠ્ઠલની ગ્રંથ-રચનાઓમાં તે બન્ને એ જે કાંઇ કહયું હતું તેને સમજાવવાના કાર્યને જ પોતાનું કર્તવ્ય માન્યું હતું. આ રીતે, આપશ્રીનું કાર્યક્ષેત્ર શ્રીમદ્ વલ્લભ-વિઠ્ઠલની ગ્રંથ-રચનાઓ[1] માં નિરૂપણ કરેલી બહુધા ધાર્મિક અને નૈતિક બાબતોનું સરલ અર્થઘટન કરવાનું અને ધર્માચરણની વ્યવહારિક દૃષ્ટિનો ઉપદેશ કરવા પૂરતું સીમિત કર્યું હતું.

શુદ્ધાદ્વૈત સંપ્રદાયના તત્ત્વજ્ઞાનનું સુંદર નિરૂપણ તો થયેલું જ હતું અને શ્રીગોકુલનાથજીએ તેના સિદ્ધાંતોનું વ્યાવહારિક આચરણ કઇ રીતે કરવું તે સમજાવવાના કાર્યભારને આપશ્રીનું નિજી કર્તવ્યકર્મ બનાવી દીધું હતું. અલબત્ત, આ કાર્ય શ્રીવિઠ્ઠલનાથજી દ્વારા પણ કેટલાક અંશે કરાયું હતું, પરંતુ શ્રીગોકુલનાથજીએ અત્યંત વિસ્તારપૂર્વક તે કર્યું હતું. ન્યાયમતમાં ગૌતમ અને વાત્સ્યાયન માટે ઉદ્યોતકારનું જે મહત્ત્વ છે, તેવું જ સ્થાન શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની બાબતમાં શ્રીગોકુલનાથજીનું છે.

(૨) લોકભાષાનો વિનિયોગ :

આપણને જોવા મળે છે કે, શ્રીગોકુલનાથજી કૃત ગ્રંથ-રચનાઓ બે ભાષામાં લખાયેલી છે - સંસ્કૃત ભાષા અને વ્રજભાષા. તે પૈકી પહેલી ભાષાના સમજનારા જૂજ સંખ્યામાં હતા. પુષ્ટિમાર્ગના ઘણા ખરા અનુયાયી કાં તો નિરક્ષર અથવા તો બહુ જ ઓછું ભણેલા હતા. આથી એ સ્વાભાવિક હતું કે, શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથજી કૃત સંસ્કૃત ભાષામાંની ગ્રંથ-રચનાઓ વાંચવાને તે બધા અસમર્થ હતા અને જયારે તેઓ વાંચવાને અસમર્થ હોય ત્યારે ધર્મના પ્રબોધેલા તેમના સિદ્ધાંતો અને આચરણના નિયમોને પૂર્ણપણે સમજી તો શકે જ નહિ અને જયાં સુધી એવું પ્રતીતિજનિત જ્ઞાન ન હોય ત્યાં સુધી એમનું એ ધર્માચરણ અંધશ્રદ્ધામાં જ પરિણમે. આથી શ્રીગોકુલનાથજીએ શુદ્ધાદ્વૈત મતના સિદ્ધાંતનો ઉપદેશ લોકભાષામાં કર્યો અને તે પણ ઉદાહરણો, દંતકથાઓ અને રૂપકો પ્રયોજીને જેથી કરીને અનુયાયીઓના ચિત્તમાં ધાર્મિક સિદ્ધાંતો સોંસરવા અને સુગમ રીતે ઉતરી જાય. જે કાર્ય

સંદર્ભ નોંધ - ૧: આ સંદર્ભમાં આપણે શ્રી આનંદશંકર બાપુભાઇ કૃત ગુજરાતી સાહિત્યમાંની ગ્રંથ રચના જોવી જોઇએ તેમાં તેમણે વિવિધ કવિઓ અને તત્ત્વજ્ઞાનીઓના લખાણોના અંશ ટાંકેલા છે અને તે પણ વિના સંકોચે, પરંતુ તેમણે પોતે લખેલા લખાણો-લેખોનું મહત્ત્વ ઘટી જતું નથી.

સંદર્ભ નોંધ - ૨ : સરખાવો " જાતે તથા પ્રભુકથાકથને તદાનીભૂત્યાપિતે પરિચયેણ પૃક્ષપધાને ।" કૃષ્ણાશ્રયનું ગોકુલેશનું શયનાષ્ટક - શ્લોક -૪.

તુલસીદાસે રામકથામાં કર્યું અને કબીરે નિરાકાર ભકિતમાર્ગમાં કર્યું હતું, તેવું જ કાર્ય શ્રીગોકુલનાથજીએ પુષ્ટિમાર્ગના વિશે કર્યું. એટલું જ નહિ પણ ભગવત્ સેવામાં જે કોઇ વિધિ અને વસ્તુ-સામગ્રીનો વિનિયોગ કરાય તેનું આધ્યાત્મિક અર્થઘટન કર્યું હતું અને તેનો ઉપદેશ આપશ્રીએ કર્યો હતો. વાર્તાઓ અને ભાવનાઓનું આ દષ્ટિએ બહુ જ મહત્ત્વ છે અને તે બધું આપનું મહાન યોગદાન છે. સનાતન હિંદુ ધર્મમાં પુરાણોનાં મહત્ત્વ જેવું તેમનું શુદ્ધાદ્વૈત મતમાં મહત્વનું સ્થાન છે. દરેક ધર્મ અને સંપ્રદાયને આવી સાહિત્ય-સામગ્રીની આવશ્યકતા રહે છે અને પુષ્ટિ સંપ્રદાયની બાબતમાં આ આવશ્યકતાની પૂર્તિ શ્રીગોકુલનાથજીએ કરી છે. આપશ્રીનાં ધાર્મિક વચનામૃતોએ ધાર્મિક સિદ્ધાંતોની સાચી સમજણ પ્રાપ્ત કરવામાં અને પુષ્ટિમાર્ગની બાબતમાં અત્યંત રસપ્રદ રીતે ભકતોને જ્ઞાન સંપાદન કરવામાં ભારે સહાય કરી છે. આથી એમ કહેવું કે, શ્રીગોકુલનાથજીના સાહિત્યે પુષ્ટિમાર્ગ પર અન્ય કોઇ પણ વસ્તુ કરતાં વિશેષ પ્રભાવ પાડયો છે એમાં જરાપણ અતિશયોકિત થતી નથી જણાતી અને પુષ્ટિમાર્ગના પ્રસારમાં વાર્તાઓ સાધનરૂપ બની ગઇ છે.

આપશ્રીનો બપોર અને રાત્રિના સમયે ભકતો સાથે બેસવાનો અને ધાર્મિક તથા આધ્યાત્મિક બાબતોનો સંવાદ-પરામર્શ કરવાનો જે નિત્ય નિયમ હતો તેણે પુષ્ટિમાર્ગીય મંદિરોમાં કદાચિત "બેઠક" રાખવાની પદ્ધતિ-યોજવાની પદ્ધતિ પ્રસ્થાપિત કરી હશે એમ લાગે છે.[3]

શ્રીગોકુલનાથજી નિત્ય ભારપૂર્વક કહેતા કે, વૈષ્ણવે 'ભગવદીયો' સાથે સત્સંગ સદા કરવો અને તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરવા યત્નશીલ રહેવું જોઇએ, કારણ કે ભકિતમાર્ગના રહસ્યને-મર્મને તેમના દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે. આપશ્રી કહેતા કે, ભગવદીયો ગોસ્વામી તુલ્ય છે અને આ બાબતમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય કહેતા કે વિદ્વાનો સન્માર્ગના સંરક્ષકો[4] છે, શ્રીગોકુલનાથજીની દષ્ટિમાં પણ ભગવદીયો જ ભકિત માર્ગના સંરક્ષકો છે.

(૩) શ્રીગોકુલનાથજીના વિચારો અને ઉપદેશ :

શ્રીગોકુલનાથજીના ઉપદેશ શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીના ઉપદેશને અનુસરતા છે. જે તફાવત છે તે શ્રીગોકુલનાથજીની ઉપદેશ આપવાની પદ્ધતિ અને ભારપૂર્વક કહેવાના પ્રમાણ પરત્વેનો છે. આપશ્રી ભગવાનની સેવા અને શ્રીકૃષ્ણની લીલાઓ અને તેમાંય તે રાસક્રીડાનું ચિંતન કરવા બાબત પર ખાસ ભાર મૂકતા હતા, કારણ કે રાસક્રીડાનું સ્વરૂપ એ જ વિશુદ્ધ પુરુષોત્તમ સ્વરૂપ છે. આથી, આપશ્રી શ્રીમદ્ ભાગવતના ખાસ કરીને ફલપ્રકરણ (ભાગવત દશમ સ્કંધ-અધ્યાય ૨૫ થી ૩૨)નું વાંચન - અધ્યયન કરવા આગ્રહપૂર્વક આજ્ઞા કરતા હતા.

નિરૂપણની બે પધ્ધતિ છે : (૧) પ્રમાણવાદ કે જ્ઞાન પ્રક્રિયા અને (૨) પ્રમેયવાદ કે જ્ઞેય પ્રક્રિયા. શ્રીગોકુલનાથજી ઉપરોકત પૈકીની ક્રમાંક (૨)ની પદ્ધતિ પરત્વે ખાસ ભાર મૂકતા હતા અને પુષ્ટિમાર્ગને પ્રમાણાતીત[5] એટલે કે પ્રમાણથી પર એવો વિલક્ષણ માર્ગ છે એમ કહેતા હતા. અહીં સ્વયં પુરુષોત્તમ જ પ્રમેય છે અને તેમની ઇચ્છા એ

સંદર્ભ નોંધ - ૩: કેટલાક ભકતો રાત્રે મંદિરોમાં કે (કેટલાક ભકતોને ઘરે) ભેગા મળી, અને સ્તોત્ર-ગાન, કથા-વાર્તા અને ધર્મશાસ્ત્રો વાંચે તેમજ ધાર્મિક પ્રશ્નોની ચર્ચા કરે, આથી સભાને " બેઠક" કે " સત્સંગ" કે " ભગવદ્ -મંડળી" કહે છે

સંદર્ભ નોંધ - ૪ : સરખાવો -

" વિદ્વદ્ભિઃ સર્વથા શ્રાવ્ય તે હિ સન્માર્ગરક્ષકાઃ ।"

શ્રીમદ્ વલ્લભાચાર્ય લિખિત પત્રાવલંબન શ્લોક ૪૦

(શ્રી જી. એચ. ભટ્ટ સંપાદિત - ૧૯૬૦ની આવૃત્તિ)

સંદર્ભ નોંધ - ૫ : સરખાવો - " પ્રમાણતિરિકતે ભકિતમાર્ગ. . . . ।"

-ગાયત્રી ભાષ્ય - પૃ. ૧ (સંપાદિત એમ. જી. શાસ્ત્રી)

જ કાયદો છે. ભગવાનની ઈચ્છાથી વધારે પવિત્ર એવો કોઇ કાયદો છે જ નહીં. આ વિચાર મુજબ, ભગવાન જ સાધન[૬] અને ભગવાન સ્વયં જ ફલ છે. આથી, જો કે આપશ્રી ચાર પ્રમાણોનો સ્વીકાર કરતા, છતાં શ્રીમદ્ ભગવદ્ ગીતા અને શ્રીમદ્ ભાગવતમાંથી જ અવતરણો વધારે ટાંકતા હતા. આપશ્રી કહેતા કે, ભગવાન વિશેનું કોઇ જ જ્ઞાન ન હોય તો પણ જો ભગવાન માટેનો પ્રેમ હોય તો, તે સર્વથા ભગવત્ -સાક્ષાત્કાર પ્રત્યે દોરી જાય છે. અર્થાત્ અજ્ઞાની જીવને ભગવત્ સાક્ષાત્કાર માટે અધિકારી બનાવે છે.

ભગવાનની વિશુદ્ધ અને નિષ્કામભાવે સેવા (પૂજા) કરવી એ ભગવદીય જીવનું સર્વોચ્ચ કર્તવ્ય કર્મ છે અને પ્રેમ કોઇ કાયદો-વિધિને જાણતો નથી, ભગવત્ - પ્રેમથી બીજું બધું સદાય ગૌણ છે. આપશ્રીના વિચાર મુજબ, જીવને પોતાની ઈચ્છા હોવી જોઇએ નહિ, પોતાની શકિત પર જીવે આધાર રાખવો જોઇએ નહિ, પરંતુ તેણે પોતાની ઈચ્છાને ભગવદ્ ઈચ્છામાં વિલીન કરી દેવી જોઇએ અને ભગવાનની કૃપા પર આધાર રાખવો જોઇએ. “આ બાબતે કોઇ કારણ હોવું ન જોઇએ, પણ માત્ર કરેંગે યા મરેંગેની ભાવના તેણે રાખવી જોઇએ જે પ્રેમનું મૂળ તત્ત્વ-રહસ્ય છે. શ્રીગોકુલનાથજી સ્વયં આચરણ કરતા વિશુદ્ધ પુષ્ટિનો આ રીતે ઉપદેશ દેતા હતા.”

બધા જો ક્રિયાકાંડો સંપૂર્ણતયા કરીએ, પરંતુ જો તેમાં ભગવાન માટેના પ્રેમનું પ્રેરકબળ ન હોય તો તેને સેવા-પૂજા કહેવાય જ નહીં. જયારે પ્રેમ-ભાવનું સ્થાન સર્વોચ્ચ હોય છે ત્યારે વિધિ-વિધાનોનું ભાગ્યે જ મહત્ત્વ રહે છે. વાઘજી રાજપુતનો ભાવ-સિંધુમાંનો કિસ્સો એ આનું જ એક ઉદાહરણ છે. પરંતુ સાથો સાથ, શ્રીગોકુલનાથજી આપણને સર્વોત્તમસ્તોત્ર પરની લખેલી બડી ટીકામાં અને ભાવનાઓમાં આજ્ઞા કરતાં કહે છે કે, કેવા ભાવ સાથે સેવા (પૂજા) કરવી જોઇએ અને કેવા ભાવ સાથે ભગવાનને ભોગ ધરવાની સામગ્રી બનાવવી જોઇએ અને કેવા કેવા નિયમોનું પાલન કરવું જોઇએ.

સાચો પ્રેમ, નિષ્કામ ભકિત અને સંપૂર્ણ સમર્પણ-ભાવની અપેક્ષા રાખે છે. શ્રીગોકુલનાથજીએ આથી અનન્યતા કે અનન્યાશ્રયનો સિદ્ધાંત (માત્ર કૃષ્ણનો આશ્રય રાખવો) પર અને અસમર્પિત ભોજન અને જલ[૭] ન લેવા બાબતમાં અત્યંત ભારપૂર્વક કહયું છે - આજ્ઞા કરી છે. તે બાબત આપશ્રીની કેટલીક વાર્તાઓમાં ઉદાહરણ સહિત નિરૂપણ થયેલું જોવા મળે છે. આપશ્રીએ ‘અન્યાશ્રય’નો દોષ કેવી રીતે થાય છે, તેનું પણ સૂક્ષ્મપણે નિરૂપણ કર્યું છે. ભગવાને કરેલી વિવિધ લીલાઓ માટે વિવિધ સ્વરૂપો હોય છે અને જો ભકત કોઇ એક લીલા-સ્વરૂપનું દઢતાપૂર્વક ધ્યાન કરતો હોય - સેવા-પૂજા જો કરતો હોય તો તેણે બીજા કોઇ સ્વરૂપનું દઢતાપૂર્વક ધ્યાન કે સેવા-પૂજા કરવાં જોઇએ નહિ અને તે એમ કરે તો તેને અન્યાશ્રયનો દોષ લાગે છે.[૮] શ્રીગોકુલનાથજી કહેતા કે, પુષ્ટિમાર્ગ “લોક વેદાતીત” છે - (વેદમાં કહેલા અને જગતના નિયમો અને પરંપરાઓથી તે પરે છે) અને આનું નિરૂપણ આપશ્રીએ “ધન્યાસ્તુ મૂઢમતય:” શ્લોક પરની ટીકા અને બીજી ટીકાઓમાં કર્યું છે તથા કહયું છે કે, મર્યાદા માર્ગમાં

સંદર્ભ નોંધ - ૬ : સરખાવો -

“અલૌકિ કે ભગવાન્ એવ સાધનમ્ । -”
- શ્રી સુબોધિનીજી - ૧૦-૬૧-૪

સંદર્ભ નોંધ - ૭ : આરોગ્યશાસ્ત્રની દષ્ટિએ “અસમર્પિત વસ્તુના ત્યાગનો સિદ્ધાંત” અત્યંત ઉપયોગી છે. જયારે ખાવા-પીવાની વસ્તુઓ પરત્વે કોઇ સંયમ આપણા જીવનમાં હોય નહિ અને રોજ-બરોજના જીવનમાં પવિત્રતા કે શુદ્ધતાને સ્થાન હોય નહિ તેવા કિસ્સામાં, ઉકત સિદ્ધાંત પર અધિકભારપૂર્વક કહેવાની આવશ્યકતા ભાગ્યે જ રહે.

સંદર્ભ નોંધ - ૮ : જુઓ - પ્રકરણ -૪- સંદર્ભ નોંધ-૧૦ (લીલાભેદે સ્વરૂપભેદ: ઈત્યાદિ)

જે દોષ કહેવાય છે તે પુષ્ટિમાર્ગમાં 'ગુણ' કહેવાય છે. આ પ્રમાણે, આપશ્રીએ પુષ્ટિમાર્ગના સ્વરૂપને સ્પષ્ટ કર્યું છે.

શ્રીગોકુલનાથજી પરંપરાઓને ખાસ મહત્ત્વ આપતા નહોતા. આપશ્રી કહેતા કે, પરંપરાઓનું પાલન કરવું જોઇએ, પરંતુ જો વેદિક પરંપરા અને સેવા માર્ગ વચ્ચે ઘર્ષણ થતું જણાય તો વેદિક પરંપરાને ત્યજી દેવી જોઇએ. સરસ્વતી નદીને આપશ્રીએ ધર્મના સંરક્ષણાર્થે અને તેના હિતમાં ઓળંગી હતી. એકદા આપશ્રીએ એક અવાજે એ વાતનું પ્રતિપાદન કર્યું હતું કે, વ્યકિતને તેના જીવનમાં બીજીવાર દીક્ષામંત્ર આપી શકાય અને દીક્ષામંત્ર ગોસ્વામીના પત્ર દ્વારા કે સ્વપ્ન દ્વારા કે ભગવદીય મારફતે પણ આપી શકાય. "દેહધર્મ" કરતાં 'આત્મધર્મ'નું વિશેષ મહત્ત્વ છે. આપશ્રી વર્ણાશ્રમ ધર્મના નિયમોને ત્યજી દેવાના મતમાં માનતા નથી, પરંતુ જો વર્ણાશ્રમ ધર્મની પરંપરા અને ભકિતમાર્ગ વચ્ચે ઘર્ષણ થાય તેવી પરિસ્થિતિમાં, આપશ્રી તે બે પૈકી છેલ્લાને મહત્ત્વનું ગણે છે.

ભગવાનનાં માહાત્મ્યજ્ઞાનની બાબતમાં, આપશ્રીએ સાચું જ કહયું છે કે, દોષોની નિવૃત્તિ કરી તેમાંથી મુકત થવું આવશ્યક છે, પરંતુ જયારે ભગવાન માટેનો સર્વોચ્ચ પ્રેમ પ્રગટ થાય અને હૃદયમાં દૃઢતાપૂર્વક તેની સ્થાપના થાય ત્યારે તેની એટલે કે દોષ-નિવૃત્તિની કોઇ આવશ્યકતા રહેતી નથી. આપશ્રીએ જીવનને સંપૂર્ણપણે આનંદપૂર્વક જીવવું જોઇએ, પરંતુ તે ભગવદ્ અર્થે અને ભગવન્મય સર્વથા હોવું ઘટે, એવું જીવન વિષે આપે પ્રતિપાદિત કર્યું હતું. ભકતે ભગવાનનાં સુખો પરત્વે ધ્યાન આપવું, પોતાના સુખ કરતાં વિશેષ એવું આપશ્રીનું કથન હતુ. આથી, એક ભકતના જીવનમાં આનંદને માટે અવકાશ રહે છે, પરંતુ તેમાં તે આનંદનો પ્રકાર સંયમ-મર્યાદાયુકત અને સમર્પિત કરેલી વસ્તુ સાથે જોડાયેલો રહે છે.[૯] મનોવૈરાગ્ય અને મનો-નાશનો સિદ્ધાંત જે કેટલાક સંપ્રદાયો વડે પુરસ્કૃત છે, તેને પુષ્ટિમાર્ગ સ્વીકૃતિ આપતો નથી. જીવનની સંપૂર્ણ ઉલ્લાસ-આનંદની ભાવના પુષ્ટિમાર્ગમાં ભગવાનની સેવા(પૂજા) કરવામાં રહેલી છે. (આથી જ, મધ્ય યુગના સમય કાળમાં વૈષ્ણવ ધર્મનો પ્રસાર થયો હતો). શ્રીગોકુલનાથજી જીવન પ્રત્યેના આ પ્રકારના અભિગમના પ્રખર પ્રવકતા હતા.

શ્રીગોકુલનાથજી અનુસાર, બ્રહ્મન્ રસાત્મક છે. રસ એ શૃંગાર છે. તે બે પ્રકારનો છે - સંયોગ અને વિપ્રયોગ પ્રકારનો. આપશ્રી ભારપૂર્વક આજ્ઞા કરે છે કે, વિપ્રયોગ એટલે કે વિયોગ-ભાવનામાં પરમ આનંદની અનુભૂતિ રહેલી છે. આપશ્રી કહે છે કે, ભગવાનના વિયોગમાં તાપ-કલેશની ઉત્કટ ભાવનાનો અનુભવ થાય છે અને તેના દ્વારા જ આનંદની પ્રાપ્તિ થાય છે અને તેથી જ તો પુષ્ટિમાર્ગ એ તાપ અને કલેશની અનુભૂતિ કરવાનો માર્ગ કહેવાય છે. આપણે એ વસ્તુ જાણીએ છીએ કે, સાહિત્ય વિવેચનની પરિભાષામાં પણ શૃંગારની ભાવનાને ઉચ્ચ સ્થાન આપવામાં આવે છે. શ્રીગોકુલનાથજી શૃંગારની વિભાવનાની એજ સામગ્રી અને સાધનોનો વિનિયોગ, જીવાત્મા અને ભગવાનના સંબધો અને રાસેશ શ્રીકૃષ્ણના નિવાસ સ્થાનરૂપ નિકુંજનું નિરૂપણ કરવામાં કરે છે. અત્રે સ્વામિની એટલે કે રાધા એ માત્ર શકિત નથી, પરંતુ શ્રીકૃષ્ણની પરમ પ્રિયારૂપ છે જે જીવાત્માને પરમાનંદની પ્રાપ્તિ થવામાં સાધનરૂપ બની રહે છે. શ્રીગોકુલનાથજીને આથી જ આપશ્રીના અનુયાયીઓ રસમાર્ગ - એટલે કે અલૌકિક આનંદના માર્ગના પ્રસારક કહે છે.

ભકતે આ જગતમાં જીવન કેવી રીતે જીવવું તેના આપશ્રીએ "ઉર લક્ષણો" કહયાં છે અને જીવનમાં કેવું વર્તન કરવું તેના "૨૪ વચનામૃતો" કહયાં છે. તેણે એટલે કે ભકતે એમ જાણવું કે, આ જગત ભગવાનનું સ્વરૂપ છે અને તદનુસાર તેણે પોતાનું કર્તવ્યકર્મ કરવું અને તે પણ સૌમ્ય અને સમાનભાવથી. તેણે કોઇને અન્યાય કરવો નહિ અને બધા જ જીવો પ્રત્યે ઉદારતા અને દયાભાવના દાખવવી. આપશ્રીએ ભારપૂર્વક કહયું કે, આપણું જીવન અલૌકિક

સંદર્ભ નોંધ - ૯ : સરખાવો -

ધર્માવિરુદ્ધઃ કામોઽસ્મિ. . . . । ગીતા - ૭ - ૧૧.

શકિત અને ભગવદિચ્છાને અધીન છે - વશવર્તી છે અને કોઇ હાનિ અથવા નિષ્ફળતાની પ્રાપ્તિના પ્રસંગે આથી દુ:ખી થવું નહીં. એટલુ જ નહિ પરંતુ આપશ્રી કહે છે કે, ભકતે ભગવાન પાસે કશી જ માગણી કરતી પ્રાર્થના કરવી નહિ, જેના કારણે ભગવાનને અનાવશ્યક શ્રમ પડે. આથી જ પ્રાર્થના કરવાનો પુષ્ટિમાર્ગમાં પ્રતિબંધ છે, કારણ કે ભગવાન અંતર્યામી છે અને જીવાત્મા માટે શું શ્રેયસ્કર છે તે તેઓ જાણે છે. શ્રીગોકુલનાથજી કહે છે કે, સાચા ભકતના જીવનને ભગવાન સુખી અને સરલ બનાવતા નથી, કારણ કે તેને બધાં સુખ-સગવડ પ્રાપ્ત થાય તો તે સાંસારિક-ભૌતિક જીવનનો આનંદ માણવામાં લુબ્ધ બની જાય.

પુષ્ટિમાર્ગનો આ અભિગમ અને તેનું ભારપૂર્વક કથન કરવુ અને વળી તેનું આવું અર્થઘટન કર્યુ તે વસ્તુઓ જ શુદ્ધાદ્વૈત મત પરત્વેનું શ્રીગોકુલનાથજીનુ અનેરુ પ્રદાન છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય અને કેટલાક અંશે શ્રીવિઠ્ઠલનાથજી પણ પોતાની ગ્રંથ-રચનાઓમાં આ બાબતે કહેવામા સંક્ષિપ્ત રહયા હતા અને તેથી શુદ્ધાદ્વૈતમાર્ગીય સેવા (પૂજા) પદ્ધતિ અને તેની જીવન પ્રત્યેના અભિગમને સંપૂર્ણતયા સમજાવવાની અને તેનુ આચરણ કેવી રીતે કરવુ તેની આવશ્યકતા હતી અને શ્રીગોકુલનાથજીએ તે કાર્ય સુપેરે કર્યુ હતુ.

(૪) ગુરુ ભાવનાની ધર્મ પ્રણાલી અને શ્રીગોકુલનાથજી

ગુરુ ભાવનાની ધર્મ પ્રણાલીનો પુષ્ટિમાર્ગમાં આરંભ શ્રીવિઠ્ઠલનાથજીએ સર્વોત્તમસ્તોત્ર અને વલ્લભાષ્ટક ઇત્યાદિની ગ્રંથ-રચના દ્વારા કર્યો હતો. શ્રીગોકુલનાથજીએ તે પ્રવૃત્તિને વેગ આપતાં ઉપરોકત બન્ને ગ્રંથ-રચનાઓ પર ટીકા લખીને અને આપશ્રીના પિતાશ્રીએ જે આ પ્રકારનુ લખ્યું હતુ તેમના વિચારોનુ સમર્થન કર્યુ હતુ. આ અંગે એ પણ નોંધવું જોઇએ કે, આપશ્રીને પોતાનુ મૌલિક દષ્ટિબિંદુ પણ હતુ. આપશ્રીએ શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની સેવા (પૂજા) કરવાની આજ્ઞા નિજ ભકતોને સર્વથા કરી હતી, પરંતુ શ્રીમદ્ વલ્લભાચાર્યના તમામ વંશજોને તે બન્નેની સમાનકક્ષામાં મૂકયા નહોતા. શ્રીવિઠ્ઠલનાથજીએ કહયું હતુ કે, શ્રીમદ્ વલ્લભાચાર્યે નિજી માહાત્મ્યનુ વંશજોને હસ્તાતરણ કર્યુ હતુ.[૧૦] પરંતુ શ્રીગોકુલનાથજીના મત શ્રીમદ્ વલ્લભાચાર્યે નિજી માહાત્મ્યનુ માત્ર શ્રીવિઠ્ઠલનાથજીને હસ્તાંતરિત કર્યું હતું. આપશ્રીને સંપ્રદાયની થનારી અવનતિનુ કદાચિત્ અગાઉથી દર્શન થયું હતું અને આથી આપે "અસ્મત્ કુલમ્" નામક નાની પુસ્તિકામાં ગોસ્વામીઓને ચેતવણી આપી હતી અને આ બાબતે સ્વપ્નોમાં રાચવું નહિ અને કહયુ હતુ કે, તેમનો પરિવાર નિષ્કલંક ત્યારે જ રહી શકશે જયારે તે બધા જ માત્ર ભગવાનની સાચી સેવા(પૂજા) કરશે અને ભગવાન તેમને બધાને નિજના ગણી તે કારણે સ્વયં સ્વીકાર કરશે. આપશ્રી આ રીતે તેમના જીવન પ્રત્યેના આધ્યાત્મિક અભિગમને તેમના વંશજો તરીકેની વારસાઇ કરતાં કાર્યાન્વિત ગોસ્વામીઓ કરે તે વસ્તુને મહત્ત્વ આપતા હતા.

(૫) શ્રીગોકુલનાથજી, પુષ્ટિમાર્ગના સંરક્ષક :

પુષ્ટિમાર્ગને માટે ચિદ્રુપ સંન્યાસી એક મોટા પડકારરૂપ હતો જેણે પુષ્ટિમાર્ગને નેસ્તનાબુદ કરવાનાં સોગંદ જાણે કે લીધા હતા. શ્રીગોકુલનાથજીએ તેમના આ પડકારને ઝીલ્યો, તત્કાલિન રાજકીય વિષમ પરિસ્થિતિનો સામનો કર્યો, ભારે યાતનાઓને સહન કરી અને પુષ્ટિમાર્ગના મતની ખરાઇ સિદ્ધ કરી બતાવી હતી. આ રીતે, પુષ્ટિ-સંપ્રદાયને સુદૃઢ પાયાનું પ્રદાન કરવામાં શ્રીગોકુલનાથજી પ્રેરકબળ બની ગયા હતા.

(૬) શ્રીગોકુલનાથજીનો પ્રભાવ :

સંદર્ભ નોંધ - ૧૦ : સરખાવો - સર્વોત્તમસ્તોત્ર શ્લોક - ૨૨

અગાઉના પ્રકરણોમાં કહયા મુજબ, ઘણા બધાં સ્ત્રી-પુરુષો શ્રીગોકુલનાથજીને શરણે આકર્ષાઈ-ખેંચાઇને આવ્યાં હતાં અને આપશ્રીના અનુયાયીઓ આપને પરમેશ્વર માનવા લાગ્યા હતા. આપશ્રીની મહાનતા એવી હતી કે, ઘણી બધી કાવ્ય રચનાના એ વિષય-વસ્તુ બની ગયા હતા. હરિરાયજી, કૃષ્ણરાયા, ગોપાલદાસ, કલ્યાણ ભટ્ટ અને બીજાઓએ આપશ્રીને લગતું સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં લખ્યું છે. શુદ્ધાદ્વૈત સંપ્રદાયમાં આપશ્રીના અનોખા વ્યકિતત્વને આપે સિદ્ધ કરી બતાવ્યું છે અને આપશ્રીનું સ્મરણ શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની સાથે એક મહાન આચાર્ય તરીકે કરવામાં આવે છે, જો કે આપશ્રીએ કદાપિ પોતાની જાતને આચાર્ય તરીકે ઓળખાવ્યા નહોતા. સાચે જ, આપશ્રી પુષ્ટિ સંપ્રદાયના ત્રીજા આચાર્ય હતા.

આપશ્રીનો પ્રભાવ હરિરાયજીમાં સ્પષ્ટપણે વર્તાય છે. આ સંપ્રદાય-માર્ગના મહાન લેખકો છે શ્રીમદ્ વલ્લભાચાર્ય, શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી અને શ્રીપુરુષોત્તમજી અને તે બધામાં શ્રીગોકુલનાથજી ઉચ્ચ સ્થાને બિરાજે છે, એક લેખક અને પુષ્ટિમાર્ગના પ્રખર પ્રસારક તરીકે.[૧૧] શુદ્ધાદ્વૈત માર્ગ-સંપ્રદાય ઉપર એક મહાન ગુરુ તરીકેની એક અમીટ છાપ પણ આપશ્રી મૂકી ગયા છે.

(૭) શ્રીગોકુલનાથજીનું વિશિષ્ટ પ્રદાન :

આ મહાનિબંધમાં અત્યાર સુધીમાં જે કંઇ કહેવાયું લખાયુ છે તેના આધારે આપણે શ્રીગોકુલનાથજીના પ્રદાનનું સંક્ષિપ્તમાં અંતે મૂલ્યાંકન આ રીતે કરી શકીએ :-

શ્રીગોકુલનાથજીએ શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીની ગ્રંથ-રચનાઓ અને "પૂર્વ-સૂરીઓ"ની ગ્રંથ-રચના પર મુખ્યત્વે જો કે સંસ્કૃત ભાષામાં લખ્યું છે, અને વિશુદ્ધ તત્ત્વજ્ઞાન વિશે પોતે કોઇ મૌલિક ગ્રંથ-રચના કરી નથી, તથાપિ આપશ્રીએ ટીકાઓ લખીને વ્રજભાષાના સાહિત્યમાં અનેરૂં પ્રદાન કર્યું છે. આપશ્રી લિખિત સર્વોત્તમસ્તોત્ર પરની બડી ટીકા, ગદ્યમંત્ર પરની ટીકા તથા ગુપ્ત રસ પરની ટીકા અને ગીતા ભાષ્ય અને 'અસ્મત્ કુલમ્' નામક લખેલી પુસ્તિકાઓ શુદ્ધાદ્વૈત મતની વિચારધારા પરત્વેનું વાસ્તવમાં મહત્ત્વનું પ્રદાન છે અને તેવું જ પ્રદાન વ્રજભાષાના સાહિત્ય પરત્વેનું છે. ભગવાનની સેવા(પૂજા)માં કરાતી ક્રિયા અને તેમાં જે સામગ્રીનો વિનિયોગ કરાય છે તે સર્વને આધ્યાત્મિક ભાવના સાથે સંલગ્ન કરનાર અને તેનું મહત્ત્વ સમજાવનાર આપશ્રી જ હતા. શ્રીમદ્ વલ્લભાચાર્ય અને શ્રીવિઠ્ઠલનાથજીએ પરમ-સત્ય શું છે તેના સિદ્ધાંતો પ્રવર્તાવ્યા અને શ્રીગોકુલનાથજીએ પરમ સત્યને પામવાના ઉકત સિદ્ધાંતોના અર્થ સ્પષ્ટપણે કહીને પથ-પ્રદર્શકનું કાર્ય કર્યું. આપશ્રીએ "લૌકિક અને વૈદિક" તત્ત્વોને અલગ તારવ્યાં અને પરમ પ્રમેય એવા ભગવાન પર જ દઢ-વિશ્વાસ રાખવાને પ્રબોધતા ભકિત માર્ગનું તેના વિશુદ્ધ સ્વરૂપમાં નિરૂપણ કરીને તેનો પ્રસાર કર્યો. શ્રીમદ્ વલ્લભાચાર્યે ભગવત્ કૃપાનો સિદ્ધાંત કહયો, અને તે વિચારધારા ધરાવતા મતનું સંસ્થાપન કર્યું, શ્રીવિઠ્ઠલનાથજીએ પિતાના અધૂરાં કાર્યને સંપૂર્ણ કર્યું અને તેને સંસ્થાગત કરી "હવેલી - મંદિર" એવું નામ આપી ભગવદ્ ભાવના-ભકિતનો-ગૂઢત્વનો સંસ્પર્શ આપ્યો. ત્યાર પછી,

---

[૧૧] સંદર્ભ નોંધ - ૧૧ : સરખાવો -

"શ્રીગોકુલનાથ પ્રકટ કિયો મારગ બખાન"

- પરમાનંદદાસના એક પદમાંથી વળી

સરખાવો - "વલ્લભજુકે વંશમેં ગુનનિધિ ગોકુલનાથ અતિ ।"

નાભાદાસની ભકતમાલા (લખનૌ આવૃત્તિ) - પૃ. ૭૮૩

શ્રીગોકુલનાથજીએ નિજ પિતાના પગલાંને અનુસરી બતાવ્યું. આપશ્રીએ સંપ્રદાયનું સંરક્ષણ અને સંગઠિત કરવાનું કાર્ય કર્યું. સંપ્રદાયની સમગ્ર પદ્ધતિમાં ભગવદ્ ભાવનાની અલૌકિકતાની વિધિવત્ દીક્ષા આપવાનો પ્રારંભ કર્યો. શ્રીહરિરાયજીએ "આપશ્રીને પુષ્ટિમાર્ગના પ્રસારક" નું બિરુદ આપ્યું છે તે સર્વથા યથાર્થ જ છે.[૧૨] આપશ્રીનું પ્રદાન દ્વિવિધ છે : એક સંગઠનકર્તા અને અર્થઘટનકર્તાનું અને બીજું શુદ્ધાદ્વૈત મતના તત્ત્વજ્ઞાન અને ધર્મના મહાન પ્રસારક તરીકેનું એક બિન-સાંપ્રદાયિકતાના લેખકે આપશ્રીના વિશે આ શબ્દો લખ્યા છે : "ગોકુલનાથજી વધારે જાણીતા અને લોકપ્રિય હોવાથી આ મત અને ધર્મને, દેશમાં રાજસ્થાન અને ગુજરાત[૧૩] સમસ્તમાં બહોળી પ્રસિદ્ધ અને લોકપ્રિયતા પ્રદાન કરી શકયા હતા. શ્રીમદ્ વલ્લભાચાર્યની પ્રશસ્તિ કરવા શ્રી વિઠ્ઠલનાથજીએ જે શ્લોક લખ્યો હતો. તે શ્રીગોકુલનાથજીને પણ યથાર્થરૂપે લાગુ પડે છે અને તે અત્રે આ પ્રકરણને અંતે સમાપનમાં અમે ટાંકીએ છીએ :-

"કવચિત્પાંડિત્યં ચેન્ન નિગમગતિઃ સાપિ યદિ ન ।
ક્રિયા સા સાપિ સ્યાદ્યદિ ન હરિમાર્ગે પરિચય : ।
યદિ સ્યાત્સોડપિ શ્રીવ્રજપતિરતિર્નેતિ નિખિલૈ -
ર્ગુણૈરન્યઃ કો વા વિલસતિ વિના વલ્લભવરમ્ ॥"

સંદર્ભ નોંધ - ૧૨ : સરખાવો - "ધર્મા યેન વિવર્ધિત : . . . . . . ।"

- ગોકુલેશાષ્ટક - જુઓ - પરિશિષ્ટ ૭

સંદર્ભ નોંધ - ૧૩ : જુઓ -

"વલ્લભાચાર્ય" (પ્રકાશિત જી. એ. નટેશન એન્ડ કુ. દ્વારા મદ્રાસ - પૃ. ૨)

પરિશિષ્ટ - ૧

શ્રીગોકુલનાથજીની

જન્મ કુંડલી

ગોપાલદાસ વ્યારાવાળા કૃત "પ્રાકટ્ય - સિદ્ધાંત-મંગલ-૮" માં આપેલી શ્રીગોકુલનાથજીની જન્મ કુંડલી :[૧]



૪ગુ
૫
શ
વાક
૨
૩
૧
જંઘા
૬
૧૨
૯મં
૭
શુ
સૂ.
૧૧
શં કે
૮
બુ
કટિ
૧૦
ચં
ગુહ્ય

સંદર્ભ નોંધ - ૧:-

જુઓ - શ્રીગોકુલેશ - ધોળપદ-માધુરી (સંપાદક - શ્રી પી.એસ.દોશી, શ્રી સી. એમ. વૈદ્ય) પૃ. ૧૯૯

તા.ક :-આ પરિશિષ્ટોમાં લિપ્યાંતર પદ્ધતિનું સંપૂર્ણતયા પાલન કરવામાં આવ્યું નથી, કારણ કે તેમાં દર્શાવેલાં ઘણાં બધાં નામો જાણીતાં છે અને તેથી લિપ્યાંતરમાંની જાણીતી રીતનું અનુસરણ કરવામાં આવ્યું નથી.

પરિશિષ્ટ - ૨

વિક્રમ સંવત - ૧૬૪૬-૪૭ માં શ્રીગોકુલનાથજી જયારે ગુજરાત વગેરે પ્રદેશોના યાત્રા-પ્રવાસે પધાર્યા હતા ત્યારે પધારેલ સ્થળોનાં નામ

૧. પારસોલી
૨. અન્યોર
૩. સિંકરી (ચધાબાઇ)
૪. રણથંભોર (લાડબાઇ)
૫. ઉદયપુર[૨]
૬. શ્રી રાભાંઇનું ગામ
૭. ઝાડોલ (હરદાસ, ગોવિંદ, ગદો દવે)
૮. પાનોડા હરપાલ ભીલ
--
૯. વડાલી (ગોવિંદ દવે)
૧૦. વિજયનગર (બિરમતે અને તેની ૧૬ સ્ત્રીઓ)
૧૧. દેવગદાધર
૧૨. દધાલિયા
૧૩. સાદરડુ (ધરમદાસ યા કરમદાસ) - વિષ્ણુદાસ, સારંગધર વ્યાસ, માધવદાસ મેહતો)
૧૪. મોડાસા (પૂંજો રાવલ)
૧૫. સાવલિ (સાંબલિકુંવર)
૧૬. ખેરાલું
૧૭. વડનગર (દેવાજી મેહતિ ભલીબાઇ, રાજબાઇ)
૧૮. વિસનગર
૧૯. આસોડા (વૈકુંઠ જોશી, કહાનાબાઇ)
૨૦. વૈસ (વિષ્ણુભાઇ, સારંગધરભાઇ)
૨૧. ગોઝારિયા
૨૨. જાહલેણા (પુરુષોત્તમદાસ લક્ષ્મીદાસ)
૨૩. લાંઘણજ
૨૪. સમઉ (દામોદર પંજોલી કરમાબાઇ)
૨૫. માણસા (દેવજી જાની)
૨૬. ઘણીઓર બાબરા (ગોવિંદદાસ)
૨૭. છાલેબહારે (ગોવિંદ મેહતો)
૨૮. ભાદરડુ - ખેરોલ (પવા ત્રવાડી)
૨૯. માંડિઆ (ગોપીબાઇ)
૩૦. અસારબા (ભાંડલા કોઠારી, હરજીબાઇ, કૃષ્ણદાસ, જેતા કોઠારી)
૩૧. અમદાવાદ (વિઠ્ઠલદાસ, કાકા હરિવંશ, લક્ષ્મણદાસ, માધવદાસ, ઠાકુરદાસી. . . .)
૩૨. સરખેજ
૩૩. સાણંદ
૩૪. ગોધાવી.
૩૫. વિરમગામ
૩૬. ધ્રાંગધ્રા (ડાંગદરુ)
૩૭. પાંસરા (પાંચસરા) (કુંકાજી ભગત)
૩૮. છીકારી (ચારણ સ્ત્રી)
૩૯. દ્વારકા
૪૦. બડા ખંભાલિયા
૪૧. રાજકોટ (વિભોજી)
૪૨. નવા નગર (સતો જામ)
૪૩. ખંભાલિયા (રાઘવદાસ ભટ્ટ)
૪૪. ધ્રોલ (અનાંબાઇ) (ભાગીરથી ફૂલબાઇ)
૪૫. મોરબી ઔર કૈયાણા બાબરા
૪૬. હલવદ (રાજા બીજોજાલા)
૪૭. કુડા (જાબોજિ)
૪૮. પાટણ (મધુઔ ઠાકોર, જમુના, માધવદાસ, મોહેણદે કલ્યાણદાસ, ગંગાભાઇ, માધવ મહેતો, લક્ષ્મીદાસ દૌચ્યિ)
૪૯. સિદ્ધપોર

૫૦. મહેસાણું

૫૧. હાલારક્ષાલાર

૫૨. દેસદુંઢા (દશદઢાર)

૫૩. રાજનગર હોકર સંઈદપૂર (કીકા મહેતા, ભાડભુંજિ)

૫૪. ઉવારસદ

૫૫. ગદરાડુ (શંકરભાઇ, કાબોજિ)

૫૬. ઝેર (મદનભાઇ હરચંદ્ર)

૫૭. કપડવંજ (વિષ્ણુદાસ કૃષ્ણશામલ, નરસંગ)

૫૮. વીરપોર (સૂરજિ રાણા, કેશવ પંડયા) (ત્યારબાદ આપશ્રી લિમડિઆમાં થઇને પધાર્યા)

૫૯. ગોધરા (સામલદાસ સોભાગદે)

૬૦. બડોદરા (ગોવિંદદાસ)

૬૧. મહુધા (જીવો મેહતિ)

૬૨. નડિયાદ (મુલથાન મહેતો) (વિશ્રામિત્રવાડી, કહાનજી પટેલ)

૬૩. સોચિત્રા (રામજી પટેલ)

૬૪. નગરુ (જિતુભાઇ)

૬૫. ખંભાત (માધવદાસ જિઉ પારેખ કેશવ સન્નિ. . . . .)

૬૬. મહીસાગર (મોરારી આચાર્ય) ઔર બડોદરા (મહાવજીભાઇ, ગોનોભાઇ, માલજી પંચોલી)

૬૭. રાણપોર કોઠી

૬૮. બેલુગામ.

૬૯. લંબોદરા

૭૦. ભરુચ (નાથભાઇ)

૭૧. અંકલેશ્વર

૭૨. કોસંબા

૭૩. સૂરત (મોહનભાઇ, માધવદાસ, દ્વારકાદાસ. . .)

૭૪. વયારા (દેવજી મહેતા, સૌરાજભાઇ, ભાંચો ગાંધી, કાસી ત્રપાડી)

૭૫. બડગામ (સંતદાસ)

૭૬. કોલેદ (કેશવદાસ)

૭૭. ધાયતા (માધવદાસ સુરસિજ)

૭૮. નંદરબાર

૭૯. સથુલેડા

૮૦. બેટીવદ (હરિદાસ)

૮૧. ધરણગામ

૮૨. તાપોપોર (ગોવિંદદાસ, દવકિ પારેખ)

૮૩. ભામગઢ (રાણો પરસ)

૮૪. નાલછા તલાબ (પરમાનંદ ભટ્ટ)

૮૫. દયાલપૂર (દેપાલ પોર) (પરમાનંદ ભટ્ટ)

૮૬. ચોરણ રામન (ચોરનારાયણ)

૮૭. ઉજ્જેન

૮૮. સુનેરને તલાબ

૮૯. સારંગપુર (વિષ્ણુદાસ)

૯૦. મંગલાજ

૯૧. આંતરીયા (તંબોલી)

૯૨. ગઢ (ગવાલિયર કે પાસ)

૯૩. બડોસલ (બહુલલ) (ભગવાનદાસ-ભાગવતદાસ)

૯૪. ધોલપોર

૯૫ આગરા

સંદર્ભ નોંધ -૧: ગોપાલદાસ કૃત રસકિરસ ગ્રંથ જે અનુગ્રહ -ગ્રંથ-૧૫-ક્રમાંક-૧૧-૧૨ માં પ્રકાશિત થયેલ માહિતીના આધારે છે. મહત્ત્વના વૈષ્ણવોનાં નામ બ્રેકેટમાં આપ્યાં છે.

સંદર્ભ નોંધ-૨ : ઉદેપુર પહેલાં રામપુરા અને કુકડેસ્વરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જ્યા થઈને આપશ્રી પધાર્યા હતા.

પરિશિષ્ટ - ૩

માલા - પ્રસંગને લગતી ગ્રંથ - રચનાઓ અને સંદર્ભો

૧. માલોદ્ધાર (એટલે કે ચતુર્થ તરંગ) - ગોપાલદાસ વ્યારાવાળા
૨. માલાપ્રસંગ - અનામી એવા કોઇ લેખક કૃત. (જુઓ અનુગ્રહ - ગ્રંથભાગ ૧૩-પૃ. ૪૪૫)
૩. માલા-પ્રકરણ - ભગવાનદાસ - પાતિ નિવાસી
૪. માલા-ઉધ્ધાર - વલ્લભભાઇ
૫. શ્રીગોકુલેશ - પ્રતાપ - માર્તંડ - ગોપાલ ગહવર
૬. કલ્લોલ - ગ્રંથભાગ - ૭ - ૮ - ૯ - કલ્યાણ ભટ્ટ
૭. સજજન મંડન - માધવદાસ
૮. માલા - પ્રસંગ - બલભદ્ર
૯. પણ - ચરિત્ર - ગિરિધરદાસ

કેટલાક કવિઓએ આ ઘટનાનો ઉલ્લેખ પ્રશસ્તિવાચક શબ્દોમાં કર્યો છે. જેમાંની કેટલીક નીચે મુજબ છે :-

ગુજરાતી ભાષામાં :-

> "શ્રી ગોકુલેશજિ : અમારી તુલસીની માલા . . . . . . બાદશાહ અમને એ પાછાં આપે
> સૌ જહાંગીરઃ સહુ સહુના ધર્મપાળજો, ધર્મનિષેધનાં ફુરમાન સહુ રદ્ હો ।"
> ન્હાનાલાલ કૃત - જહાંગીર - નૂરજહાં- પૃ. ૧૧૫-૧૬

સંસ્કૃત ભાષામાં :-

(૧) સંન્યાસિવેશમોહિતસાધુગણ : સોડસુરો હરિદ્રોહી
યેન નિરાક્રિયતાસૌ ગોકુલનાથો હરિર્જયન્તિ ॥
વલ્લભસ્તોત્રે કલ્યાણભટ્ટકૃતે ।

(૨) "માલારક્ષણકર્તા ચ શુદ્ધ સત્કીર્તિવર્ધનઃ દુષ્ટાનાં દોષહંતા ચ
વો ભકત નિર્ભયકારકઃ ।" - વિષ્ણુદાસરચિતે અષ્ટોત્તરશતનામ્નાં સ્તોત્રે ।

(૩) પાષંડિદંડિ સંપ્રોકત પ્રચુંડાધર્મખંડનઃ । સ્વધર્મસ્થાપકોડખંધપરામંડલ મંડનમ્
યતિકોપિત પુથ્વિશાકારિતસ્તત્સમીયિગઃ ।
ઉલ્લંધિત તદીયાજ્ઞઃ સત્ય સંધોવ્રજોસ્થિતઃ ॥
- કૃષ્ણારામ કૃતાયાં નામરત્નમાલાવલ્યામ્ ।

(૪) ચિદ્રૂપમતખંડનાયનમઃ । માલાદઢ સ્થાપકાય નમઃ ।
પૃથ્વીશાજ્ઞોલ્લંઘનાય નમઃ
તત્સમીપે કાશ્મીરગતાય નમઃ । કાશ્મીરપાવનકર્મે નમઃ ।
-શ્રીહરિરાયજી કૃતાયાં શ્રીગોકુલાષ્ટોત્તરનામાવલ્યામ્ ।

(વળી જુઓ - પરિશિષ્ટ ૭ : કૃષ્ણરાય અને હરિરાય કૃત ગોકુલાષ્ટક)

(૧) મતિ જાનો ખ્યાલ શ્રીગોકુલનાથજિ કી માલા હૈ ।
વખાનિ હૂ વેદ મરજાદ હુ બખાનિ હૈ ।
ડારે ગુદી બીચ માલા અમૃત રસાલા હૈ ।
બુલાએ જહાંગીર ને જાય કે જુઆબ દિયો ।
હિન્દુ કી પતિ રાખૌ શ્રીગોકુલનાથ પ્રતિમાલા હૈ ।
"પ્રાણનાથ" કહે બાત સૂનો સવૈ કાન દૈ ।

(૨) ગોકુલ કા ફકીર દેખો આએ કોન ભાવ સે,
તેં ડારે ગુદિ બીચ ગુંજ ઓ વનમાલા હૈ ।
માગતા હું માલા વે દેતા હૈ જીવ કો
કરે યાદ સાઈ કોં સંગ નંદલાલા હૈ ।
હુઆ હૈ નિડર મૈં તો દેતા હૂ દૂસાલા ।
મેરે માલા બંદ ઔર ગ. . . . . સાલા હૈ ।
"પ્રાણનાથ" બાત કહૈ સુનો સર્વ કાન દે ।
